પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૦/૦૬/૨૦૨૪, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એકસપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૦ જેઠ સુદ-૧૩ વર્ષ : ૧૫ અંક : ૧૬૧


**સુવિચાર**

ઈચ્છામાં આવે તેમ કરવા કરતાં ફરજ કહે તેમ કરવું તેને દુનિયાદારી કહે છે.


:: સૌજન્ય ::
નિલકંઠ જવેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ADMISSION OPEN
બાલમંદિર થી ધો. ૧૨
ગુજરાતી/અંગ્રેજી માધ્યમ
સાયન્સ - કોમર્સ - આર્ટસ
બોયઝ - ગર્લ્સ હોસ્ટેલ
નિત્યમ વિદ્યા સંકુલ
લાઠી રોડ, સહજ સીટી, અમરેલી.
મો.૯૯૨૫૪ ૫૧૧૫૧

ફ્રી નિદાન... ફ્રી સારવાર... ફ્રી ઓપરેશન કેમ્પ...
પથરી - પ્રોસ્ટેટ - કીડની ની તકલીફ ?
તારીખ : ૨૨/૦૬/૨૦૨૪, શનિવાર,
સમય : સવારે ૧૧:૦૦ થી ૨:૦૦
૨૪x૭ કલાક ઈમરજન્સી સારવાર
નોંધ : ૧) હોસ્પીટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
૨) જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડૉ. જય માંડડીયા (ન્યુરોલોજિસ્ટ)
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરિક બેંકની બાજુમાં, અમરેલી
ફોન નં. (૦૨૭૯૨) ૨૨૨૨૩, ૯૯૭૮૨ ૨૩૦૦૦ ઈમરજન્સી હેલ્પ લાઈન : ૯૯૭૮૨ ૬૩૦૦૦


## બાબરાનાં ચમારડીનાં પર્યાવરણપ્રેમી ગોપાલ વસ્તરપરાની જાહેરાત

# જે વ્યકિત ૧૦૦ વૃક્ષ ઉછેરશે તેને ૧૦ હજારનું ઈનામ

- ૬૦માં જન્મદિનની ઉજવણી અંતર્ગત એક વર્ષમાં ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરશે
- જે કોઈ વ્યકિતએ વૃક્ષનાં રોપા વિનામૂલ્યે મેળવવા હોય તેઓને સંપર્ક કરવા જણાવાયું
- માત્ર વૃક્ષારોપણનું ફોટોસેશન કરનારને વિનામૂલ્યે રોપા નહી અપાઈ
- પર્યાવરણનાં હિતમાં શ્રેષ્ઠ કાર્યનો પ્રારંભ થવા જઈ રહ્યો હોય નાગરિકોને જોડાવવા આહ્વાન



પ્રતિકાત્મક તસ્વીર

અમરેલી, તા. ૧૯

બાબરાનાં ચમારડીનાં વતની, સેંકડો દીકરીઓનાં સમૂહલગ્ન કરાવનાર અને પર્યાવરણ પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ તેમનાં ૬૦માં જન્મદિનની ઉજવણી એક વર્ષ સુધી ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરીને કરવાનાં હોય અને વૃક્ષોનાં રોપા તેઓ વિનામૂલ્યે વિતરણ કરશે અને જે કોઈ વ્યકિત ૧૦૦ વૃક્ષોનું વાવેતર કરીને ઉછેર કરશે તેને ૧૦ હજારનું ઈનામ અર્પણ કરાશે.

પર્યાવરણ પ્રેમી ગોપાલભાઈ વસ્તરપરાએ "અમરેલી એકસપ્રેસ" સાથેની વાતચીતમાં જણાવેલ છે કે, આજે દરરોજ હજારો વૃક્ષોનું નિકંદન નીકળી રહ્યું છે. વિકાસની આંધળી દોડમાં આપણે સૌ વિનાશ ભણી આગળ વધી રહ્યા છે અને વૃક્ષોની સંખ્યા ઘટવાથી તાપમાનમાં વધારો અને વરસાદમાં ઘટાડો થઈ રહ્યો હોય અને આપણે સૌ જાગૃત નહી બનીએ તો આગામી પેઢી આપણને માફ નહી કરે અને પૃથ્વી પર માનવ અને પશુ–

અનુસંધાન પાના ૬ ઉપર

## નીચે મુજબનાં રોપાનું શરતોને આધીન કરાશે વિતરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| આંબા | નારિયેળી | કણજી | કાળુસીસમ | રાણ | સીસમ |
| જાંબુડા | શેતુર | લીંબડા | પારસપીપળા | ચેરી | ઉમરા |
| સીતાફળી | લાલચંદન | પેલ્ટોકોરમ | અરીઠા | સફેદજાંબુ | ચરેલ |
| જમરૂખડી | આફ્રિકનમુર્ગની | આમળા | ખાખરા | બીલીપત્ર | વાંસ |
| દાડમડી | લીંબુ | આંમલી | ફાલસા | દેશીબાવળ | પીપર |
| ચીકુ | સપ્તપર્ણી | શીરીષ | વડલા | ગુલમહોર | |

**નીચેની શરતોનું પાલન કરીને ઉપરનાં તમામ ઝાડ વિનામૂલ્યે આપવામાં આવશે.**

(૧) ઝાડની વ્યવસ્થિત સાર સંભાળ રાખવાની રહેશે અને ઉછેર કરવાનો રહેશે.
(૨) ફકત ફોટા પાડવાની દ્રષ્ટિએ અને એક વાર વાવીને તરછોડી દેવાના હોઈ તો ઝાડ મળશે નહિ.
(૩) અમારા તરફથી દર વર્ષે ગમે ત્યારે મુલાકાત લેવામાં આવશે અને ઝાડની ગણતરી કરાવાની રહેશે.
(૪) ઉપરનાં નિયમનું પાલન કરશો તો જે ૫૦ ઝાડ વાવીને ઉછેરશે તેમને ૫૦૦૦ સુધીનું ઈનામ આપવામાં આવશે અને જે ૧૦૦ ઝાડ ઉછેરશે તેને ૧૦,૦૦૦ સુધીનું ઈનામ આપવામાં આવશે.

## ભીમ અગિયારશનાં પાવન પર્વે અમુક વિસ્તારમાં થયા અમી છાંટણા

# અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં મેઘરાજાનું આગમન થતું ન હોય ચિંતા વધી રહી છે

**જગતાત ગણાતા ખેડૂતો સહિત સમગ્ર તંત્ર પણ વરસાદની જોવે છે રાહ**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં એક અઠવાડીયાથી અમરેલી, બાબરા,

અનુસંધાન પાના ૬ ઉપર


LG Life's Good.
Happiness Comes Home
EXCLUSIVE OFFERS
Fixed EMI 1999/-*
PCB 5
Up to 5%* Cash Back Max. up to 2000/-*
*T&C Apply
LG BEST SHOP
મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકકરગઢ રોડ, અમરેલી
મો.99747 72377

ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી.
(૦૨૭૯૨) ૨૩૩૪૪૬
જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ :
ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૯૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
63,290/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૯/૦૬/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)
ડો.તુષાર બોરાણીયા (ઓમ ડેન્ટલ કિલનિક)
વાંકા ચૂકા દાંતના સ્પેશિયાલિસ્ટ
ડો.ધ્વનિક વાળા (M.D.S.ORTHO)
બાળકોના દાંતના સ્પેશિયાલિસ્ટ
ડો.વૈભવ કોટેચા (M.D.S.પીડીયાટ્રીક ડેન્ટીસ્ટ)
શું તમારા બાળકોનાં દાંત સડી ગયેલા છે, કે દુઃખાવો કે રસી થાય છે ?, શું તમારે કે તમારા બાળકનાં દાંત વાંકા-ચૂંકા છે ?, શું તમે પરફેકટ સ્મિતની અપેક્ષા રાખો છો?, તો નિશ્ચિત પણ આ કેમ્પમાં અવશ્ય નિદાન કરાવો
વાંકા-ચૂકા દાંતના ચેકઅપ તથા સારવારનો કેમ્પ
ફ્રી નિદાન કેમ્પ :: સ્થળ :: ફ્રી નિદાન કેમ્પ
ઓમ ડેન્ટલ કિલનિક પહેલો માળ,સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી.
:: તારીખ :: ૨૩/૦૬/૨૦૨૪ રવિવાર
:: સમય :: સવારે ૯:૦૦થી ૧૨:૦૦
:: પ્રોજેકટ ચેરમેન ::
લા. વિનોદભાઈ આદ્રોજા લા.જયેશભાઈ પંડયા લા.સાહસ ઉપાધ્યાય
મો.૯૮૯૮૦ ૫૨૫૮૧
લા.બિમલભાઈ રામદેવપુત્રા ખજાનચી લા.કિશોરભાઈ શિરોયા પ્રમુખ લા.ઋજુલભાઈ ગોંડલીયા સેકેટરી
ખાસ નોંધઃ શનિવાર અને કેમ્પનાં દિવસે નામ નોંધાવી શકાશે. ફોનઃ ૦૨૭૯૨ - ૦૨૩૦૩૦૦,મો. ૭૦૧૬૮ ૩૭૧૩૭

## NEET પરીક્ષા પુનઃ લેવાની માંગ સાથે

# NEET કૌભાંડનાં આરોપીઓને કડક સજા કરો : ''આપ''

**દેશનાં ભવિષ્યમાં આરોગ્ય જેવા મહત્વનાં ક્ષેત્રમાં જનારા લાખો પરીક્ષાર્થીઓનાં સ્વપ્ન પણ પાણીઢોળ કરનારને કડક સજા જરૂરી**

**દેશનાં જુદા–જુદા રાજયોમાં સ્પર્ધાત્મક પરીક્ષાનાં કૌભાંડોની હારમાળા વચ્ચે NEETમાં પણ કૌભાંડ થયું**

**શિક્ષણનું જયારથી ખાનગીકરણ શરૂ થયું ત્યારથી કૌભાંડોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે**

**દેશનાં લાખો બાળકોનાં પરિવારજનોમાં ચિંતાનો માહોલ ઉભો થયો છે**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લા આમ આદમી પાર્ટીનાં પ્રમુખ નિકુંજ સાવલિયાએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, ભારતમાં મોટાભાગની જનતા મધ્યમ અને ગરીબ વર્ગમાંથી આવે છે. મધ્યમ અને ગરીબ વર્ગની પ્રગતિ માટે શિક્ષણથી મોટું કોઈ સાધન હોતું નથી અને એટલા માટે જ ભારતના દરેક માતા–પિતા ઈચ્છે છે કે પોતાના દિકરા–દિકરી સારૂ અને ઉચ્ચ શિક્ષણ મેળવે પણ વાલીઓનું દુર્ભાગ્ય એ છે કે દેશમાં સરકારી કોલેજોની સંખ્યા જરૂરિયાતના પ્રમાણમાં અત્યંત ઓછી છે. ખાનગી કોલેજોની સંખ્યાઓ દિવસે ને દિવસે વધે છે પણ સરકારી કોલેજોની સંખ્યા કે સીટો વધતી નથી કારણ કે ખાનગી કોલેજો ધ્વારા લેવાતી લાખો–કરોડોની ફીથી નેતાઓ અને સંચાલકોના ઘર ચાલે છે.

વધુમાં જણાવેલ છે કે, સરકારી કોલેજમાં એડમીશન મેળવવા માટે વિદ્યાર્થીઓ દિવસ–રાત તનતોડ મહેનત કરે છે અને વાલીઓ કોચિંગ સેન્ટરોમાં મસમોટી ફી ભરે છે. અત્યાર સુધી એવું જોવામાં આવતું હતું કે સરકારી ભરતીની પરીક્ષાઓના ગોટાળાઓ સામે આવતા હતાં પણ આ વખતે તો NEET-UG જેવી પરીક્ષાઓમાં પણ ગોટાળાઓ થયા છે જે અતિગંભીર બાબત છે.

વધુમાં જણાવેલ છે કે, આ સમગ્ર ઘટનામાં અનેક શંકાના બિંદુઓ છે જે અલગ અલગ સમાચારપત્રો, ચેનલો અને સોશ્યલ મીડિયાના માધ્યમથી વિદ્યાર્થીઓએ, વાલીઓએ અને શિક્ષણવિદોએ ઉઠાવ્યા છે. પરીક્ષાના રજીસ્ટ્રેશનની તારીખ વારંવાર લંબાવવી, પરિણામ અગાઉ જાહેર કરી દેવું, પ્રશ્નપત્રમાં છબરડાઓ, ઓએમઆર જવાબપત્રનાં ગોટાળાઓ, રેન્કિંગમાં ગોટાળાઓ, ગ્રેસ માર્કસ આપવામાં ગોટાળાઓ વગેરે જેવી અનેક ગંભીર ક્ષતિઓ આ ઘટનામાં સામે આવી છે જે દર્શાવે છે કે આ માનવીય ભૂલો નથી પણ જાણીજોઈને કરાયેલો એક ગંભીર ગુનો છે.

વધુમાં જણાવેલ છે કે, જે દિવસે પરીક્ષા હતી એ જ દિવસે બિહારમાં NEET નું પેપર લીક કરનારાઓની ધરપકડ કરાઈ અને FIRમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે પટનાની હોસ્ટેલ એક હોસ્ટેલમાં અનેક વિદ્યાર્થીઓને અગાઉથી જ પ્રશ્નપત્ર મળી ગયુ હતુ. આ પ્રશ્નપત્ર આ ટોળકી પાસે કેવી રીતે પહોંચ્યુ? એક સાથે ૬૭ વિદ્યાર્થીઓને ૭૨૦માંથી ૭૨૦ માર્કસ કેવી રીતે મળી શકે? આ ૬૭ માંથી ઘણા બધા વિદ્યાર્થીઓ તો એક જ સેંટરના છે. આ પરીક્ષાનાં સાચા જવાબ બદલ ૪ ગુણ મળે છે અને ખોટા જવાબ બદલ ૧ ગુણ કાપી લેવામાં આવે છે. તો કોઈ વિદ્યાર્થીને ૭૧૮ કે ૭૧૯ ગુણ કેવી રીતે મળી શકે?

વધુમાં જણાવેલ છે કે, ગોધરામાં આનાથી પણ વધુ આશ્ચર્યજનક ઘટના બની છે. અહી વ્યવસ્થા એવી હતી કે પૈસાના આધારે આખુ સેન્ટર વેંચાઈ ગયુ. NEETનું પરીક્ષાનું કેન્દ્ર ગોધરાની જલારામ સ્કૂઈલમાં હતુ. આ સેન્ટરમાં ૩૦ વિદ્યાર્થીઓને ખોટી રીતે પરીક્ષા આપવામાં આવી રહી હતી. અહી માત્ર જ વિદ્યાર્થીઓ પણ અહીં આવ્યા હતા. નહીં પરંતુ મહારાષ્ટ્ર, ઓરિસ્સા, બિહા અને ઝારખંડ જેવા રાજયોના વિદ્યાર્થીઓ પણ અહી આવ્યા હતા. હોવ કોઈ વિદ્યાર્થી પોતાનુ રાજય છોડીને ગુજરાતના ગોધરા આવેલા આ કેન્દ્ર પર જઈને પરીક્ષા શા માટે આપવા આવે? જો ગોધરાના એક સેન્ટર પર આ સેટિં થઈ શકે. તો આ સેટિંગ દેશના કોઈ પણ સેન્ટરમાં થઈ શકે.

આવા તો અસંખ્ય વ્યાજબી અને તાર્કિક સવાલો આ પરીક્ષાના આયોજન અને પરિણામ ઉપર ઉભા રહ્યા છે.

આ ઉપરાંત, NTA દ્વારા જેટલી પરીક્ષા લેવાય છે. એમાં પણ દર વર્ષે કઈ ને કઈ ગેરરીતિઓ સામે આવે જ છે. ટેકનીકલ એરર, છેલ્લી ઘડીએ પરીક્ષાનું સેંટર બદલી નાખવુ, પરીક્ષા અલગ વિષયની અને એમાં પેપર અલગ વિષયનુ આવવુ, વગેરે જેવી ગેરરીતિઓ હવે જગજાહેર છે જે બતાવે છે કે આટલી ગંભીર અને મોટી પરીક્ષાઓનું આયોજન કરવા માટે NTA સક્ષમ નથી.

આથી, સમગ્ર દેશના વાલીઓ અને વિદ્યાર્થીઓ વતી અમારી માંગણી છે કે..

NEETની પરીક્ષા ફરીથી લેવામાં આવે., NTA સિવાયની અન્ય સક્ષમ સંસ્થાને પરીક્ષાના આયોજનની જવાબદારી આપવામાં આવે., આ ઘટના દોષીઓ ઉપર કડકમાં કડક પગલા તાત્કાલીક લેવામાં આવે., ભવિષ્યમાં આવી ઘટના કયારેય ન બને એ માટેનું આગોતરૂ આયોજન અને નીતિઓ બનાવવામાં આવે તેવી માંગ અંતમાં કરેલ છે.

---

### પીજીવીસીએલની કાર્યશૈલી સામે નારાજગી

## અમરેલી જિલ્લામાં સોલાર સિસ્ટમ લગાવનાર ગ્રાહકને સમયસર નાણા મળતા નથી

**ઉચ્ચ અધિકારીઓ ગ્રાહકોનાં હિતમાં ઝડપથી કાર્યવાહી કરે તેવી માંગ**

અમરેલી, તા. ૧૯

અમરેલી જિલ્લામાં લાખો લોકોએ પોતાના ઘર ઉપર પીજીવીસીએલની સોલાર સિસ્ટમ લાખો રૂપિયા ખર્ચ કરી અને વસાવેલ છે. ત્યારે વર્ષના અંતે પીજીવીસીએલ તરફથી વધેલ વીજ ઉત્પાદનની રકમમાં વહાલાદવલાંની નીતિ અપનાવીતી હોય, વર્ષાંતે લોકો પોતાના નાણાં માટે પીજીવીસીએલની કચેરી ખાતે ધક્કા ખાઈ રહયા છે. ત્યારે વીજ કર્મીઓ મનઘડત જવાબો લોકોને પરખાવતા હોય, લોકોમાં પીજીવીસીએલ સામે રોષ ભભુકી ઉઠયો છે.

સામાન્ય રીતે પીજીવીસી એલ લોકો પાસે વીજ બિલની રકમ લેવાં માટે પઠાણી ઉઘરાણી કરે છે. અને તેમ છતાં ગરીબ લોકોના ઘરમાં ખાવાના પણ પૈસા ના હોય, અને વીજ બિલ ના ભરે તો કેટલાંક વીજ કર્મીઓ ગરીબ ગ્રાહકો સાથે ઝગડો કરી અને ગ્રાહકો સામે ફરજમાં રૂકાવટનો પોલીસ કેસ પણ ઠોકી બેસાડે છે. પરંતુ આ જ પીજીવીસીએલ કંપનીને લોકોને પરત આપવાની થતી રકમ માટે લોકોને એક ટેબલથી બીજા ટેબલે ટલ્લે ચડાવે છે.

લાખો લોકોએ પોતાના ઘર ઉપર પીજીવીસીએલની સોલાર સિસ્ટમ લાખો રૂપિયા ખર્ચ કરી અને વસાવેલ છે. ત્યારે વર્ષના અંતે સામાન્ય રીતે એપ્રિલ અથવા તો મે માસમાં પીજીવીસીએલ તરફથી વધેલ વીજ ઉત્પાદનની રકમ ગ્રાહકોને આપવામાં આવે છે. ત્યારે ચાલુ સાલે આચાર સહિતના નામે આવી રકમ જૂન મહિનામાં ઓનલાઈન આપવાનું શરૂ કરેલ છે.

એક તો પીજીવીસીએલ તરફથી નાણાં ચુકવવાની મોડી મોડી શરૂઆત કરેલ છે. કેટલાંક ગ્રાહકોને નાણાં મળી ગયા છે. બાકી રહેતા આવા સોલાર વાળા ગ્રાહકોને નાણાં બેંક ડિટેઈલ ના હોવાના બહાને અટકાવી રાખી પીજીવીસીએલ કંપની ગ્રાહકોને પત્ર લખી લાઈટ બિલની નકલ તથા બેંક પાસની નકલ આપવા આપી જવા સુચના આપેલ છે. આવા લોકશાહીમાં ગ્રાહકો આવી નકલ આપી દેવા છતાં હજુ સુધી બેંક ખાતામાં રકમ જમા નહિ આવતાં આવા ગ્રાહકો પીજીવીસીએલ કંપનીની કચેરીએ ધક્કા ખાઈ રહયા છે.


આ બનાવ પાછળ અગાઉ સોલાર ધરાવતા ગ્રાહકોને આવા નાણાં માત્ર સરકારી બેંકમાં ખાતા ધરાવતા ગ્રાહકોના ખાતામાં જમા થયાનું પીજીવીસીએલ કંપની તરફથી જણાવાયું છે. અને અન્ય ખાનગી બેંકમાં ખાતા ધરાવતા ગ્રાહકોના નાણાં હવે પછી આપવામાં આવશે. પણ ક્યારે અપાશે? તે નક્કી નહીં તેમ જાણવા મળેલ છે

---

### ગ્રામ્ય વિસ્તારનાં અરજદારોને ધક્કા શરૂ થતા નારાજગી

## વડિયામાં ઓપરેટરનો ૬ મહિનાનો પગાર ન થતાં આંદોલન શરૂ થતાં આધાર કાર્ડની કામગીરી ઠપ્પ

**ફાઈવ ટ્રિલિયન ઈકોનોમીની ગુલબાંગો વચ્ચેની વાસ્તવિકતા ભયજનક**





તસ્વીર : જીતેશગીરી ગોસાઈ–વડિયા

વડિયા, તા.૧૯

સમગ્ર રાજયમાં આઉટસોર્સ એજન્સી થી મામલતદાર કચેરી અને અન્ય કચેરીઓમાં આધારકાર્ડમાં સુધારાની અને નવા આધારકાર્ડ ની કામગીરી કરવામાં આવે છે.


આ કામગીરી માટે રાજય સરકાર જે તે એજન્સીને કોન્ટ્રાકટ આપી તેની કામગીરી કરવા કર્મચારીઓની નિમણૂક કરે છે. હાલ સમગ્ર અમરેલી જિલ્લા સહીત વડિયાની મામલતદાર કચેરીમાં આધારકાર્ડ કામગીરી ઠપ્પ જોવા મળી રહી છે. આ બાબતે તપાસ કરતા આ કોન્ટ્રાકટ બેઈઝ એજન્સીના કર્મચારીઓનો પગાર છેલ્લા છ મહિનાથી થયેલ ના હોવાને કારણે આ કર્મચારીઓ પોતાની કામગીરીનો બહિષ્કાર કરી હડતાલ પર ગયેલા છે ત્યારે કોઈ વૈકલ્પિક વ્યવસ્થા ના હોવાને કારણે તાલુકા મથક પર ગ્રામીણ વિસ્તારમાંથી આધારકાર્ડ સુધારણા અને નવા કાર્ડની કામગીરી માટે આવેલા લોકોની લાઈનો લાગી હતી અને અંતે ઓપરેટરના આવતા આધારકાર્ડ ટેબલ પર ઓપરેટર હડતાલ પર છે તેવો બોર્ડ લગતા લોકો ને ધરમના ધક્કા થતા જોવા મળ્યા હતા. વિકસિત ગુજરાતની સંવેદન સરકારના ડીઝીટલ ગુજરાતમાં છ માસ થી પગાર ના થતા કર્મચારીઓને હડતાલ પર જવું પડે અને લોકોને તેની હાલાકી સહન કરવી પડે ત્યારે ગુજરાત સરકારના કથડતા વહીવટનુ આથી બીજુ ઉત્તમ ઉદાહરણ કયુ હોય તેવી ચર્ચા લોકોમાં સાંભળવા મળી હતી. ત્યારે આ કામગીરી તાત્કાલિક શઢ કરવામાં આવે તેવી લોક માંગણી જોવા મળી રહી છે.

---

### શહેરે એક પ્રતિષ્ઠિત નાગરિક ગુમાવ્યા

## અમરેલીના જાણીતા કવિ હર્ષદ ચંદારાણાને શ્રદ્ધાંજલી પાઠવતા સાહિત્યકારો

**સદ્દગતનું બેસણું આજે સવારે ૧૦ થી ૧૨ યોજાશે**



અમરેલી તા. ૧૯

મુળ ચલાલાના વતની અને હાલ અમરેલીમાં આશા ટ્રેડીગ કંપની ધરાવતા હર્ષદભાઈનું ૭૬ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. તેઓ રોહિણીબેનના પતિ તથા જગતભાઈ અને આકાશના પિતા તેમજ મિતાબેન તથા મિતલબેનના સસરા તથા ચંદારાણા પરિવારને શોકમય કરી ચાલ્યા ગયા છે ત્યારે હર્ષદભાઈ હંમેશા હસતા સ્વભાવના, બિજાના સુખે સુખી અને બીજાના દુઃખે દુઃખી સ્વભાવ ધરાવતા હતા. નાનપણથી તેમને કાવ્ય–ગજલનો શોખ હતો.

ચલાલા વતનમાં ચંદરાણા હાઈસ્કુલના સ્થાપક, લાખો બાળકોના ભાવીનું ઘડતર કરેલ અને ચલાલા–અમરેલી અન્ય ઘણી ધાર્મિક સંસ્થામાં તેમનું યોગદાન રહેલ છે. વિશ્વ વિખ્યાત સંત મોરારીબાપુ સાથે તેમનો નજીકનો નાતો હતો. અને તલગાજરડામાં તેઓ ટ્રસ્ટી હતા અને ગુજરાતના કવિ સંમેલનમાં તેમનું આગવુ સ્થાન હતું. ત્યારે છેલ્લા ૫–૬ દાયકાઓથી અમરેલી નગર સાહિત્ય કલાનું અકાદમીનું પારિતોષીક પ્રાપ્ત થયેલ. ૨૦૦૫માં હર્ષદભાઈને અમરેલીનું અજવાળું વિશેષ સન્માનથી પ્રોત્સહિત કર્યા હતાં. પ્રતિષ્ઠિત 'કલાપી એવોર્ડ' પણ આપાવામાં આવ્યો છે. અમરેલી વિદાન પ્રો. વસંતભાઈ પરીખ જેવા ગર્વાગુરૂજનોને સદૈવ આદર આપતા રહી હર્ષદભાઈએ રમેશ પારેખ, અરવિંદ ભટ્ટ, જનક ત્રિવેદી, ઈકબાલ મોતીવાલા, જયંતિભાઈ પટેલ, ઉમેર જોષી, હેમંત નાણાવટી, ઉર્વશી વસાવડા, સંજુવાળા, નીતિન વડગામા, વિનોદ જોષી, ડો.વી.પી.રાવલ, હરિશચન્દ્ર જોષી, જેવા સમવયસ્ક સર્જક મિત્રો મનસુખ મકવાણા, સંજય ધારૈયા, અનિલ ખંભાયતા જેવા અનેક કલાકારો ભાવિકો સાથે મૈત્રી નિભાવી હતી. સ્વ. હર્ષદભાઈ ચંદારાણાની આત્માને નાગનાથદાદા શાંતિ આપે તેવી પ્રાર્થના. સાથે અરવિંદભાઈ જાનીદાદાની યાદી જણાવે છે. તા.ક. તેમનું બેસણું આજે તા. ૨૦–૬–૨૪ને ગુરૂવારના રોજ સંઘવી ધર્મશાળા સ્ટેશન રોડ, અમરેલી સમય સવારે ૧૦:૦૦ થી ૧૨ : ૦૦ કલાકના રોજ રાખેલ છે.

---

## જાફરાબાદ ખાતે તુર્કી મુસ્લિમ સમાજ દ્વારા પત્રકારનું સન્માન



તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૧૯

મુસ્લીમ તુર્કી સમાજ ઓફીસમાં જાફરાબાદના ગુજરાત લાઈવ ન્યુઝ પત્રકાર અકબર સૈયદ તેમજ પત્રકાર કાળુશા કનોજીયાનુ તુર્કી સમાજ દ્વારા સાલ ઓઢાડીને ગીફટ આપીને સન્માન કરવામાં આવ્યું હતુ જિલ્લાઓમાં લોકોની સમસ્યા સહકાર આપે છે એ સાચી માહિતી લોકો સુધી પહોંચાડ છે. દરેક કાર્યમાં હાજર રહે છે સન્માનમાં ઓલ મુસ્લીમ સમાજના પ્રમુખ તુર્કી સમાજના પ્રમુખ આગેવાનો તેમજ સમાજના વડીલો હાજર રહયા હતા.

---

## ૨૧ જૂન, 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'




અમરેલી તા. ૧૯

દર વર્ષે ૨૧ જૂને ''આંતરરાષ્ટ્રીય યોગ દિવસ'' ઉજવવામાં આવે છે. હાલમાં દેશ દુનિયામાં સતત ચાલતી હરીફાઈને કારણે સૌ નું જીવન ખુબ જ વ્યસ્ત અને બેઠાળુ થઈ ગયું છે. ફીઝીકલ એકટીવીટી પહેલા કરતા લગભગના બરાબર થઈ છે એવા સમયે આજે યોગનું મહતવ વધ્યું છે. ખાસ કરીને મહામારીનાં સમયમાંથી પસાર થયા બાદ લોકો હવે સ્વાથ્યનું મહત્વ સમજી રહ્યા છે. યોગ સ્વાસ્થ્ય માટે અત્યંત લાભદાયક છે. નિયમિત યોગ અભ્યાસ માનવ શરીરને મજબૂત અને લવચીક બનાવે છે. યોગ આસનો, પ્રાણાયમ અને ધ્યાન મનને શાંત કરે છે અને તાણને દૂર કરે છે. યોગ જીવનશૈલી સ્વીકારવાથી હદય, ફેફસા, પાચનતંત્ર અને માનસિક સ્વાસ્થ્યમાં સુધારો થાય છે.

યોગમાં વિવિધ આસનો, પ્રાણાયમ અને ક્રિયાઓના વિવિધ ફાયદાઓ છે. જેમ કે સૂર્ય નમસ્કાર એ હદયના સ્વાસ્થ્ય અને લવચીકતા માટે ઉતમ છે, વૃક્ષાસન શરીરને સંતુલિત અને મજબૂત બનાવે છે, ભુજંગાસન પીઠના દુઃખાવાને ઘટાડે છે અને પીઠનાં સ્નાયુઓને મજબૂત બનાવે છે, શવાસન મનને શાંત કરે છે અને શ્રેષ્ઠ આરામ આપે છે. શ્વાસની કસરત શરીરને આંતરિક શાંતિ અને ઉર્જા પ્રદાન કરે છે, કારણ કે, કપાલભાતી, અગ્નિસાર, સૂર્યભેદન, ચંદ્રભેદન તથા યુગલભસ્ત્રિકા વગેરે પ્રાણાયમ મન, બુદ્ધિ અને શરીરનું સમન્વય સાધવાનું કાર્ય કરે છે. ત્રાટક, નાડી શોધન, ષટકર્મ જેવી ક્રિયાઓ શરીરનો કચરો બહાર કાઢવા અને માનસિક શકિત વિકસાવવા માટે ઉપયોગી છે. યોગ એ માત્ર શારીરિક કસરત નથી, પણ એક જીવનશૈલી છે. યોગથી રોગ પ્રતિકારક શકિતમાં વધારો થાય છે. ડાયાબિટીસ, હાઈ–લો બ્લડપ્રેશર, કિડની, ઉદરના રોગો, શરદી, શ્વાસ, એ.સી.ડી.ટી., સ્થૂળતા, અપૂરતી ઊંઘ વગેરે રોગો જેને આધુનિક વિકાસનાં રોગ કહે છે તેને દુર રાખવા માટે યોગ નિયમિત કરવું જોઈએ જેથી તંદુરસ્ત જીવન જીવી શકાય છે.

---

## અમરેલી ખાતે શાંતાબા જનરલ હોસ્પિલમાં હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન હોસ્પિટલ દ્વારા કેમ્પ યોજાયો



અમરેલી, તા.૧૯

શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી અને હેલ્થ એન્ડ કેર ફાઉન્ડેશન અમદાવાદના સંયુકત પ્રયાસથી નિઃશુલ્ક મેડિકલકેમ્પ યોજવામાં આવ્યો. આ કેમ્પમાં પોલીયોથી પીડાતા અને ફાટેલા હોઠ, તળવામાં કાણા, ચેહરામાં વિકૃતતા, જડબા આગળ પાછળ હોવુ, જીભ ચોટેલ હોય, વાંકી ચુકી ખુંધ અને જન્મ જાત હાથની કે પગની ખોડખાંપણ હોય કે પછી જન્મ જાત આંખના મોતિયા આવી તમામ પ્રકારની સારવાર અમરેલી શાંતાબા જનરલ હોસ્પિટલમાં કરવામા આવેલ હતા. આ કેમ્પને સફળ બનાવવા માટે ડો.નીલેશ પટેલ (ક્રેનિઓફિઅલસર્જન) અને ડો. મનીષા પટેલ (મેડીકલ ઓફિસર), ડો. ડેની મકવાણા (ઓ.ટી. ઈન્ચાર્જ), ડો. દર્શનાબેન ચૌહાણ (મેડિકલ ઓફિસર) તથા ચૈતન્ય (પેર્શટ કો. ઓર્ડોનેટર) અને શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલીના મેનેજમેન્ટ વિભાગના ભરતભાઈ ધડુક અને દિનેશભાઈ કાપડિયાએ જહેમત ઉપાડેલ હતી.

---

### અગ્નિવીરની લેખિત કસોટીમાં પાસ થયેલ ઉમેદવારોને અગ્રતા

## અમરેલી : સંરક્ષણ દળમાં જોડાવા ઈચ્છુક યુવાઓ માટે જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિઃશુલ્ક નિવાસી તાલીમનું આયોજન

**રહેવા જમવાની સવલત સાથે શારીરિક અને લેખિત કસોટી સહિતની તાલીમ અને માર્ગદર્શન**

અમરેલી, તા. ૧૯

સંરક્ષણ દળમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારો માટે વિનામૂલ્યે ૩૦ દિવસમાં નિવાસી તાલીમ વર્ગ–૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. આ તાલીમમાં ઉમેદવારોને રહેવા તથા જમવાની સવલત સાથે શારીરિક અને લેખિત કસોટીની તાલીમ આપવામાં આવશે.

રાજયના યુવાનો સંરક્ષણ દળમાં ભરતી થાય અને તેમને માટે યોગ્ય માર્ગદર્શન અને દિશાઓ મળી રહે તે ઉદેશ્ય સાથે અમરેલી જીલ્લા રોજગાર કચેરી દ્વારા નિવાસી તાલીમ વર્ગનું આયોજન કરવામાં આવે છે. ઉંમર ૧૭.૫ વર્ષથી ૨૩ સુધી હોય અને ધો.૧૦ પાસ કે તેથી વધુ શૈક્ષણિક લાયકાત ધરાવતા શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ ઉમેદવારોએ આ તાલીમ વર્ગમાં જોડાવવા માટે અરજી કરવી. તે માટેનું નિયત અરજી ફોર્મ અમરેલી જીલ્લા રોજગાર કચેરી અથવા ચેનલ @EMPARELI પરથી ડાઉનલોડ કરી મેળવી શકાશે.

ઉમેદવારોએ અરજી દિન–૬માં જીલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, જીલ્લા સેવા સદન–૨, રાજમહેલ કપાઉન્ડ, અમરેલી પિન૩૬૫૬૦૧ ખાતે મોકલવી. અરજી પત્રક સાથે ધો.૧૦ની માર્કશીટ, શાળા છોડયાનું પ્રમાણપત્ર, આધારકાર્ડ સહિતના સાધનિક દસ્તાવેજોની નકલ જોડવી.

માહે એપ્રિલ–૨૦૨૪માં યોજાયેલ અગ્નિવીરની દેખિત કસોટીમાં પાસ થયેલ ઉમેદવારોને શારીરિક કસોટીમાં સારો દેખાવ કરી શકે તે માટે એડમિટ કાર્ડ મેળવેલ ઉમેદવારોને આ તાલીમ વર્ગમાં જોડાવવા માટે અગ્રતા મળશે. આ અંગેની વધુ વિગત માટે જીલ્લા રોજગાર કચેરીના ટેલીફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૯૪ સંપર્ક કરવો, તેમ અમરેલી જીલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## જિલ્લાનાં નાગરિકોને યોગ દિવસનાં કાર્યક્રમમાં સહભાગી થવા જિલ્લા કલેકટરનું આહ્વાન

# અમરેલી જિલ્લામાં આવતીકાલે ''યોગ દિવસ''ની ઉજવણી થશે

**જિલ્લા અને તાલુકા મથકોએ યોગ કાર્યક્રમનું સુંદર આયોજન કરાયું**

**અમરેલીમાં પોલીસ પરેડ મેદાન ખાતે યોગ દિવસની ઉજવણી કરાશે**

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસનાં કાર્યક્રમનો પ્રારંભ સવારે ૬ કલાકે થશે**

**જિલ્લા સેવા સદન ખાતે યોજાયેલ પત્રકાર પરિષદમાં જિલ્લા કલેકટરે વિગતો આપી**






અમરેલી, તા.૧૯

આંતરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪ના ઉપલક્ષમાં સમગ્ર રાજયમાં યોગ અભ્યાસના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. રાજય સરકારના રમતમગત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના નેજા હેઠળબનાસકાંઠાનાસરહદીવિસ્તારના નડા બેટમાં રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિધાનસભાના અધ્યક્ષ શંકરભાઈ ચૌધરી અને ગૃહરાજય મંત્રી હર્ષભાઈ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિમાં રાજયકક્ષાનો કાર્યક્રમ યોજાશે.

આ કડીના ભાગરૂપે રાજયના તમામ જિલ્લાઓ અને તાલુકાઓ તેમજ નગરપાલિકાઓમાં યોગ અભ્યાસના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી જિલ્લા વહીવટીતંત્ર દ્વારા આગામી તા.૨૧ જૂને જિલ્લા મથક અમરેલી તેમજ નગરપાલિકા અને તાલુકા મથકે યોજાનારા કાર્યક્રમોની રૂપરેખા ઘડવામાં આવી છે.

આ અંગેની વિગતો આપવાના હેતુથી જિલ્લા કલેકટર અજય દહિયાના અધ્યક્ષસ્થાને અમરેલી જિલ્લા સેવાસદન ખાતે પત્રકાર પરિષદ યોજાઇ હતી. પત્રકાર પરિષદને સંબોધતા જિલ્લા કલેકટર અજય દહિયાએ 'સ્વયં અને સમાજ માટે યોગ'ના સંદેશ સાથે જિલ્લામાં બહોળી સંખ્યામાં લોકોને યોગ દિવસના કાર્યક્રમમાં સહભાગી થવા આહવાન કર્યુ હતુ.

જિલ્લા કલેકટરે જિલ્લામાં યોજનારા કાર્યક્રમોમાં અમરેલીની યોગપ્રેમી વધુમાં વધુ સંખ્યામાં નાગરિકોને યોગ કાર્યક્રમમાં જોડાવા અપીલ કરી હતી. અમરેલીમાં જિલ્લા મથકે પોલીસ પરેડ મેદાન અમરેલીમાં અને બાકી તાલુકા કક્ષા અને નગરપાલિકા કક્ષાના સંયુકત કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ નાગરિકો અને સંસ્થાઓ પણ પોતાના સ્તરે યોગ દિવસ કાર્યક્રમનું આયોજન કરી આ કાર્યક્રમમાં સહભાગી થઇ શકે છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના કાર્યક્રમનો પ્રારંભ તમામ સ્થળો પર સવારે ૬.૦૦ કલાકથી થશે. આ કાર્યક્રમમાં વિદ્યાર્થીઓ, સામાજિક સંસ્થાઓ, નાગરિકો, સરકારના વિવિધ વિભાગોના અધિકારીઓ કર્મયોગીઓ, ખેડૂતો, મહિલાઓ, યુવાનો બહોળી સંખ્યામાં જોડાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

જિલ્લામાં તાલુકા અને નગરપાલિકા કક્ષાના કાર્યક્રમો, અમરેલી તાલુકા અને નગરપાલિકાનો સંયુકત કાર્યક્રમ શાસ્ત્રીશ્રી ધર્મજીવનદાસ સ્વામિનારાયણ ગુરૂકુળ તરવડા, ધારી- શ્રી જી.એન. દામાણી હાઈસ્કુલ, ચલાલા નગરપાલિકા- ગાયત્રી સંસ્કાર વિદ્યાલય ચલાલા, ખાંભા-શ્રી જે.એન. મહેતા હાઈસ્કુલ, રાજુલા નગરપાલિકા- તાલુકો- શ્રી જે.એન. સંઘવી હાઈસ્કુલ, જાફરબાદ નગરપાલિકા-તાલુકો-શ્રી પારેખ એન. મહેતા હાઈસ્કુલ, સાવરકુંડલા નગરપાલિકા-તાલુકો ઓપન એર થિએટર, જનતા બાગની બાજુમાં સાવરકુંડલા, લીલીયા- તાલુકા પંચાયત કચેરી, બગસરા નગરપાલિકા- તાલુકો- શ્રી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી હાઈસ્કુલ, કુંકાવાવ-વડીયા- શ્રી સુરગવાળા સાર્વજનિક હાઈર સેકન્ડરી વડીયા, લાઠી નગરપાલિકા- તાલુકો-તાલુકા પે સેન્ટર શાળા, દામનગર નગરપાલિકા- શ્રીએમ.સી. મહેતા હાઈસ્કુલ, બાબરા નગરપાલિકા-તાલુકો-નમો વડ વન, મેલડી માતાના મંદિર પાસે યોજાશે.

આ પ્રેસ કોન્ફરન્સમાં નિવાસી અધિક કલેકટર દિલિપસિંહ ગોહિલ, જિલ્લા રમત વિકાસ અધિકારી અને પત્રકારો સહિતના ઉપસ્થિત રહ્યા હતા.

### ગાંધીનાં ગુજરાતમાં દારૂનું દુષણ બંધ થતું નથી

## મોટી કુંકાવાવનાં ઘનશ્યામનગરમાં આવેલ રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂ ઝડપાયો

**પોલીસે ૧૫ બોટલ ઝડપી લઈ કાર્યવાહી શરૂ કરી**

અમરેલી, તા. ૧૯, વડિયા તાલુકાના મોટીકુંકાવાવ ગામે ઘનશ્યામનગર ખાતે રહેતા કાનજી ઉર્ફે કાનો ધીરૂભાઈ મોઢ વાડીયાએ પોતાના રહેણાંક મકાનમાં ભારતીય બનાવટની વિદેશી દારૂની રીંગપેક ૭૫૦મી.લી. બોટલ નંગ-૧૫ ની કિંમત રૂપિયા ૩૯૦૦ નાં મુદામાલ સાથે પોલીસે ઝડપી લઈ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### પ્રધાન મંત્રી નરેન્દ્ર મોદી સમક્ષ કરી માંગ

## વ્યકિતગત આવકવેરો રદ કરવાની પ્રા. જે.એમ. તળાવીયાની માંગ

**ભાજપે ૧૦ વર્ષે પહેલા વચન પણ આપેલ**

અમરેલી, તા.૧૯

દેશમાં ૧.૪૮ લાખ કરોડ કરવેરાની આવક થઈ છે. જેમાંથી ૧.૧૪ લાખ કરોડની આવક કોર્પોરિટ ટેકસ પેટે થઈ છે. જયારે તેમની સરખામણીમાં માત્ર ૩૪૪૭૦ કરોડ વ્યકિતગત આવક વેરા પેટે થઈ છે.

આ ઉપરાંત વર્ષ ૨૦૧૪મા કેન્દ્રમાં સરકાર આવતા પહેલા વ્યકિતગત આવક વેરો ભા.જ.પ. ની સરકાર આવે તો રદ કરવાનુ વચન ગુજરાતનાં તાત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વચન આપ્યુ હતુ. સકારી/અર્ધસરકારી કર્મચારીઓને વ્યકિતગત અવાક વેરામાંથી મુકિત આપવા સ્થાનિક અધ્યાપક મંડળના પ્રમુખ પ્રા. જે.એમ. તળાવીયાએ માંગણી કરી છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯
પ્રવેશની ઉત્તમ તક...
ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે.
પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.
સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.
વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
મો.૮૪૬૦૬ ૮૭૨૫૧
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮
www.mdscollege.org



પેન્ટ-શર્ટનું કાપડ ખરીદવા માટેનું વિશ્વાસપાત્ર સ્થળ...
(બાબરાવાળા)
આનંદ કલોથ સ્ટોર
હરિ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪









ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦



A.P.C.C.S
માત્ર ૨૦ જ મીનીટમાં... ફકત ૯.૯૦ ના વાર્ષિક વ્યાજ દરે અને સરળ પ્રક્રિયા દ્વારા ગોલ્ડ લોન
ધી અમરેલી પીપલ્સ કેડીટ કો-ઓપ. સોસાયટી લી. - અમરેલી
'પીપલ્સ ભવન', ફુટ માર્કેટ, પ્રથમ માળ, ઈન્દીરા શોપીંગ સેન્ટર, અમરેલી.
કોન્ટેકટ નંબર-૦૨૭૯૨-૨૨૦૨૬૪, ૯૪૦૮૫ ૬૨૨૬૪



જોઈએ છે...
HONDA
બાબરામાં હોન્ડા શોરૂમ માટે...
મિકેનીક...... ૩
હેલ્પર.........૩
વોશીંગ મેન..૩
મનહર હોન્ડા
રાજકોટ - ભાવનગર રોડ, માર્કેટીંગયાર્ડ સામે, બાબરા
મો. ૯૯૦૪૭ ૦૨૧૫૪










### MSPને લઈને મોદી સરકારની મોટી જાહેરાત

# કેન્દ્ર સરકારે ૧૪ પાક પર એમએસપીને મંજૂરી આપી

## ડાંગર, રાગી, બાજરી, જુવાર, મકાઈ અને કપાસ સહિત ૧૪ ખરીફ સીઝનના પાક પર એમએસપીને મંજૂરી

નવી દિલ્હી, તા.૧૯

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં કેન્દ્રીય મંત્રીમંડળે બુધવારે ૧૪ ખરીફ પાક માટે મિનિમમ સપોર્ટ પ્રાઈઝ (MSP) ને મંજૂરી આપી છે. સૂચના તથા પ્રસારણ મંતી અશ્વિની વૈષ્ણવે આ નિર્ણયની જાહેરાત કરતા કહ્યું- કેન્દ્રીય મંત્રીમંડળે ડાંગર, રાગી, બાજરી, જુવાર, મકાઈ અને કપાસ સહિત ૧૪ ખરીફ સીઝનના પાક પર એમએસપીને મંજૂરી આપી છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું- પ્રધાનમંત્રી મોદીનો ત્રીજો કાર્યકાળ ખુબ મહત્વપૂર્ણ છે કારણ કે આ કિસાનોના કલ્યાણ માટે ઘણા નિર્ણયોના માધ્યમથી પરિવર્તનની સાથે સાતત્ય પર કેન્દ્રીત છે. તેમણે કહ્યું કે ખરીફ સીઝન શરૂ થઈ રહી છે. ખેડૂતોને પ્રાથમિકતા આપતા ૧૪ પાક પર એમએસપી કેબિનેટે મંજૂર કરી છે. એમએસપી ઓછામાં ઓછી ૧.૫ ગણી હોવી જોઈએ. ડાંગરની નવી એમએસપી રૂ. ૨૩૦૦ કરવામાં આવી છે, જેમાં રૂ. ૧૧૭નો વધારો થયો છે. ૨૦૧૩-૧૪ની કિંમત ૧૩૧૦ રૂપિયા હતી. અશ્વિની વૈષ્ણવે જણાવ્યું કે કપાસ એમએસપી ૭૧૨૧ રૂપિયા, ૫૦૧ રૂપિયાનો વધારો થયો છે. ૨૦૧૩-૧૪માં તે ૩૭૦૦ રૂપિયા હતો. રાગી - ૪૨૯૦, મકાઈ - ૨૨૨૫ રૂપિયા, મગ - ૮૬૮૨, તુવેર - ૭૫૫૦, અડદ - ૭૪૦૦ સીંગતેલ - ૬૭૮૩ રૂપિયા. આ સાથે તેમણે કહ્યું કે બે લાખ ગોડાઉન બનાવવાનું કામ દેશભરમાં ચાલી રહ્યું છે. પ્રથમ બે ટર્મમાં ઈકોનોમીનો બેઝ બન્યો છે. હવે તેના પર ગ્રોથ સારો બન્યો છે. ખેડૂતો પર ફોકસ છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું કે પોર્ટ એન્ડ શિપિંગ સેન્ટર માટે નિર્ણય લેવામાં આવ્યો છે. પાલઘરના વધાવન પોર્ટ માટે ૭૬ હજાર ૨૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ છે. દેશની જેટલી ક્ષમતા છે તેની બરાબર માત્ર વધાવન પોર્ટ માટે તૈયારી કરવામાં આવશે. પોર્ટની ઊંડાઈ જેટલી વધારે છે, તેટલી જ તે વધુ મહત્વની છે. નેચરલ ડ્રાફ્ટ ૨૦ મીટર છે. જે ખુબ સારો છે. તેના ચિંતાનું સમાધાન લાવવામાં આવ્યું છે. આ પોર્ટથી ૧૨ લાખ રોજગારી ઉભી થશે. મેગા કન્ટેનર શિપ તેમાં આવશે. આ પોર્ટ તૈયાર થયા બાદ વિશ્વના ટોપ-૧૦ પોર્ટમાંથી એક હશે. મુંબઈથી તેનું અંતર ૧૫૦ કિલોમીટર છે. તેમણે આગળ જણાવ્યું કે ભારતમાં પ્રથમવાર ઓફ શોર વિન્ડ એનર્જીને આજે મંજૂરી મળી છે. ઘણા દેશ આ ટેક્નોલોજી પર આગળ વધી રહ્યાં છે. પ્રથમ પ્રોજેક્ટ ગુજરાતમાં લાગશે જે ૫૦૦ મેગાવોટનો અને બીજો પ્રોજેક્ટ ૫૦૦ મેગાવોટનો તમિલનાડુમાં લાગશે. ૭૪૫૩ કરોડ રૂપિયા તેનો ખર્ચ થશે. ગુજરાતમાં ૪.૫ રૂપિયાના ભાવથી વીજળી મળશે અને તમિલનાડુમાં ૪ રૂપિયાના ભાવથી વીજળી મળશે. સમુદ્રની અંદર કેબલ લાગશે અને તેને પોર્ટ પર લેન્ડ કરાવવા પડે છે. ૨ પોર્ટમાં લેન્ડિંગની વ્યવસ્થા કરવામાં આવશે.

### ૨૧ જૂને આકાશમાં દેખાશે સ્ટ્રોબેરી મૂન

# ચંદ્રનો રંગ આછો લાલ અને આછો પીળો દેખાશે, જે લગભગ સ્ટ્રોબેરી જેવો દેખાશે

## એશિયાઈ ખંડમાં પૂર્ણ ચંદ્ર જોવાનો શ્રેષ્ઠ સમય શુક્રવાર

વોશિંગ્ટન, તા.૧૯

મહિને ૨૧ જૂને રાત દિવસ જેવી જોવા મળશે. ૨૧મી જૂને પૂર્ણિમા છે અને આ દિવસે ચંદ્ર તેની પૂર્ણ કાળમાં ખીલ્યો હશે. તેનો દૂધિયો પ્રકાશ એટલો તેજ હશે કે તમને એવું લાગશે કે જાણે તે દિવસ હોય. આ ઘટનાને સ્ટ્રોબેરી મૂન કહેવામાં આવે છે. ૨૧ જૂને પૂર્ણિમાના દિવસે, ચંદ્રનો રંગ આછો લાલ અને આછો પીળો દેખાશે, જે લગભગ સ્ટ્રોબેરી જેવો દેખાશે. આ દિવસે ચંદ્ર ખૂબ જ તેજસ્વી રહેશે અને રાત્રે પ્રકાશ ખૂબ જ તેજસ્વી રહેશે. ચંદ્ર સાથે સંબંધિત આ ખગોળીય ઘટનાને સ્ટ્રોબેરી મૂન કહેવામાં આવે છે. ચંદ્રનો આ નજારો ૨૦ થી ૨૨ જૂનની વચ્ચે જોવા મળશે. એટલે કે ગુરુવાર, શુક્રવાર અને શનિવાર ત્રણેય દિવસે ચંદ્ર સંપૂર્ણ ગોળ અને ખૂબ જ તેજસ્વી દેખાશે.

જ્યારે જૂન મહિનામાં અયનકાળ આવે છે ત્યારે સૂર્ય ઉત્તર ગોળાર્ધમાં વર્ષના તેના સર્વોચ્ચ સ્થાને હોય છે. આ વર્ષે, ૨૦ જૂન, સંક્રાંતિના દિવસે, સૂર્ય મધ્યાહ્ન સમયે તેના પ્રબળમાં રહેશે. આ પછી, બીજા દિવસે પૂર્ણિમા વર્ષનો સૌથી નીચો બિંદુ બની જાય છે. અમેરિકન ખગોળશાસ્ત્રીઓએ તેને સ્ટ્રોબેરી મૂન નામ આપ્યું છે કારણ કે આ મહિનામાં જંગલી સ્ટ્રોબેરી પાકે છે અને ચંદ્રનો રંગ તેના જેવો જ હોય છે. અમેરિકન વૈજ્ઞાનિકોએ જૂન મહિનામાં આવતી પૂર્ણ ચંદ્રને બીજા ઘણા નામ આપ્યા છે.

જૂનના પૂર્ણ ચંદ્રને બેરી પાકેલો ચંદ્ર, ગ્રીન કોર્ન મૂન અને હોટ મૂન પણ કહેવામાં આવે છે, પરંતુ તેમાંથી સૌથી વધુ લોકપ્રિય સ્ટ્રોબેરી મૂન છે. સેન્ટર ફોર નેટિવ અમેરિકન સ્ટડીઝ અનુસાર, ગ્રેટ લેક્સ પ્રદેશના સ્વદેશી લોકો અનિશિનાબેગ અથવા ઓજીબવે તરીકે ઓળખાય છે. ભારત સહિત સમગ્ર એશિયાઈ પ્રદેશમાં સ્ટ્રોબેરી મૂન જોવા માટેનો શ્રેષ્ઠ દિવસ શુક્રવાર હશે. આ દિવસે, સૂર્યાસ્ત પછી, ચંદ્ર ખૂબ તેજસ્વી પ્રકાશ સાથે પૂર્વમાંથી બહાર આવશે. ચંદ્ર ઉગવાનો સમય દેશ-દેશમાં બદલાઈ શકે છે. આ પછી, આગામી પૂર્ણિમા ૨૧મી જુલાઈએ આવશે જે જૂનના પૂર્ણ ચંદ્ર કરતાં ઓછી તેજસ્વી હશે.

કેટલાક યુરોપિયન દેશોમાં, સ્ટ્રોબેરી મૂનને હની મૂન તરીકે પણ ઓળખવામાં આવે છે. એવું કહેવામાં આવે છે કારણ કે જ્યારે પૃથ્વીનું વાર્ષિક સૂર્યગ્રહણ થાય છે ત્યારે મધમાખીના મધપુળા તૈયાર થાય છે. તે સમયે ખેડૂતો મધમાખીઓના મધપૂડામાંથી મધ કાઢે છે. આ કારણથી તેને હની મૂન નામ આપવામાં આવ્યું હતું. હાલમાં, આવા નામો માટે કોઈ વૈજ્ઞાનિક કારણ નથી.

ભારત સહિત સમગ્ર એશિયાઈ ખંડમાં પૂર્ણ ચંદ્ર જોવાનો શ્રેષ્ઠ સમય શુક્રવાર હશે. આ સમય દરમિયાન, ચંદ્ર સૂર્યાસ્ત પછી પૂર્વમાં તેજસ્વી પ્રકાશ સાથે ઉગે છે. જો કે, દેશોની પરિસ્થિતિના આધારે તેનો વધતો સમય થોડો બદલાઈ શકે છે. આ પછી, આગામી પૂર્ણિમા ૨૧ જુલાઈ ૨૦૨૪ ના રોજ હશે, જે દિવસે ચંદ્ર ૨૧ જૂનની તુલનામાં થોડો ઓછો તેજ સાથે જોવા મળશે.

### રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને મંજૂરી મળી હતી

# સમાજશાસ્ત્ર વિભાગના પ્રોફેસરની UGC કમિટીમાં ચેરમેનપદે નિમણૂક કરાઇ

## પ્રો. રમેશ મકવાણાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની યુજીસી નવી દિલ્હીની કમિટીમાં ચેરમેન તરીકે નિમણુંક થઈ છે

આણંદ, તા.૧૯

સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરના સમાજશાસ્ત્રી વિભાગના પ્રો.રમેશ મકવાણાની રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની યુજીસી નવી દિલ્હીની કમિટીમાં ચેરમેન તરીકે નિમણુંક થઈ છે. ૨૯ જુલાઈ ૨૦૨૦ના રોજ પ્રધાનમંત્રીની અધ્યક્ષતામાં કેબિનેટ બેઠકમાં રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ને મંજૂરી મળી હતી. આ નીતિનો ઉદ્દેશ ભારતને વૈશ્વિક ક્ષેત્રે જ્ઞાનની મહાશક્તિ બનાવવાનો છે. નીતિના વિવિધ આયામોના અમલીકરણ માટે યુજીસી નવી દિલ્હી સ્તરે કમિટીની રચના કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે યુજીસીએ નેશનલ હાયર એજ્યુકેશન ક્વોલિફિકેશન ફ્રેમવર્ક વિકસાવ્યું છે અને ત્યારબાદ સ્નાતક કોર્ષ માટે અભ્યાસક્રમ અને ક્રેડિટ ફોર્મેટ તૈયાર કર્યું છે, તેના આધારે યુજીસી શિક્ષણ ક્ષેત્રે પરિણામ આધારીત અભ્યાસક્રમ માળખું વિકસાવવાનું આયોજન કરી રહ્યું છે. માટે યુજીસીએ સ્નાતક સ્તરે વિવિધ વિષયો શીખવાના પરિણામ આધારીત અભ્યાસક્રમના નમૂનાઓ તૈયાર કરવા માટે રાષ્ટ્રીય સ્તરના નિષ્ણાતોની એક કમિટીની રચના કરી છે. આ યુજીસીની કમિટીમાં સમાજશાસ્ત્ર વિષયના ચેરમેન તરીકે વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના પ્રો. રમેશ મકવાણાની નિમણુંક કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિમાં પરિણામ-આધારિત શિક્ષણ એ વિદ્યાર્થી-કેન્દ્રિત શિક્ષણ મોડેલ છે. જે વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે સ્પષ્ટ અને સંક્ષિપ્ત ઉદ્દેશ્યો પૂરા પાડે છે. પરિણામે તે તેમને ઉચ્ચ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવા, વિદ્યાર્થીઓના શિક્ષણમાં સુધારો કરવા અને શૈક્ષણિક લક્ષ્યો હાંસલ કરવામાં સક્ષમ બનાવે છે. યુજીસીની સમાજશાસ્ત્ર વિષયની આ સમિતિમાં પ્રો. રમેશ મકવાણા પ્રભાવક ભૂમિકા ભજવશે. પ્રો. મકવાણા હાલ ભારત સરકારના આદિવાસી નીતિ આયોગમાં વિષય નિષ્ણાંત તરીકે અને બાબુ જગજીવન રામ નેશનલ ફાઉન્ડેશન,સામાજીક ન્યાય અને અધિકારિતા વિભાગ, ભારત સરકાર દિલ્હીમાં સભ્ય તરીકે નિમણૂંક પામેલ છે. પ્રો.મકવાણાને ડો. બાબાસાહેબ આંબેડકર એવોર્ડ અને રૂપિયા એક લાખ રૂપિયા ગુજરાત સરકાર તરફથી એનાયત થયેલ છે. તેમના ૨૫ પુસ્તકો અને ૬૫ શોધ લેખો પ્રકાશિત થયેલ છે. ૧૦૫ સંશોધન પેપરો કોન્ફરન્સોમાં રજૂ કરેલ છે. ૬ સંશોધન પ્રોજેકટ યુજીસી અંતર્ગત પૂર્ણ કર્યા છે. તેમના માર્ગદર્શનમાં ૪૫ વિદ્યાર્થીઓ પીએચ.ડી. થયા છે. તેઓને દિલ્હીથી ભારત શિક્ષા રત્ન એવાર્ડ, સરદાર પટેલ એવાર્ડ, યુવા સમાજશાસ્ત્રીનો એવાર્ડ અને સમાજ વૈજ્ઞાનિક એવાર્ડથી સન્માનીત કરેલ છે.

### નવા ષડયંત્રનો પર્દાફાશ યુપીના કાનપુરમાં થયો

# હેલ્પલાઇનની મદદ લેવા ગયો અને બેંક ખાતામાંથી જ પૈસા ચોરાઇ ગયા

## આ ફરિયાદ બાદ જે ઘટનાક્રમ બન્યો તેણે જયદીપ જ નહિ તપાસ એજન્સીઓને પણ હચમચાવી દીધી છે

કાનપુર, તા.૧૯

ભારત દેશ ડિજિટલ ઈન્ડિયા તરફ હરણફાળ ગતિ ભરી રહ્યો છે. ટેક્નોલોજીના કારણે જીવન જેટલું સરળ બન્યું છે તેટલી જ મુશ્કેલીઓ પણ વધી રહી છે. આજકાલ મોટાભાગની સમસ્યાઓ સાયબર ફ્રોડના રૂપમાં આવી રહી છે. જાગૃતિ હોવા છતાં સાયબર ફ્રોડના ગઠિયાઓ દરરોજ લોકોના બેંક ખાતા ખાલી કરવા માટે નવી રીતો ઘડી રહ્યાં છે. આજ પ્રકારના એક નવા ષડયંત્રનો પર્દાફાશ યુપીના કાનપુરમાં થયો છે. આ નવી પેટર્નમાં હેલ્પલાઈનની મદદ લેવી જ એક વ્યક્તિને મોંઘી સાબિત થઈ છે. કાનપુરના રહેવાસી જયદીપ વર્મા તેના એક પરિચિતને પૈસા ટ્રાન્સફર કરી રહ્યાં હતા. ભૂલથી આ પૈસા બીજે ટ્રાન્સફર થઈ ગયા. આ મામલે મદદ લેવા અને ફરિયાદ નોંધાવવા માટે તેણે ગૂગલ પર બેંકનો હેલ્પલાઈન નંબર સર્ચ કર્યો અને નંબર ડાયલ કર્યો અને ખોટા ટ્રાન્ઝેક્શનની ફરિયાદ કરી. જોકે આ ફરિયાદ બાદ જે ઘટનાક્રમ બન્યો તેણે જયદીપ જ નહિ તપાસ એજન્સીઓને પણ હચમચાવી દીધી છે.હેલ્પલાઈન નંબર પર સામે વાત કરી રહેલા વ્યક્તિએ જયદીપ વર્માને એક એપ ડાઉનલોડ કરવા માટે કહ્યું. આ એપ ડાઉનલોડ કરીને બેંકની માહિતી ઉમેરતા જ જયદીપના બેંક ખાતામાંથી સાયબર ચાંચિયાએ ૧,૭૫,૨૦૦ રૂપિયા ઉપાડી લીધા. આ પૈસા ઉપાડવાનો મેસેજ આવ્યો ત્યારે જયદીપને ખબર પડી કે આ તો એક નકલી હેલ્પલાઈન નંબર છે અને ઓનલાઈન ટ્રાન્ઝેકશનની ફરિયાદ કરવા જતા ઉલમાંથી ચૂલમાં પડ્યા અને સાયબર ફ્રોડ થયો છે.

જોકે આ ઘટનાક્રમ બાદ જયદીપે તરત જ સાયબર સેલનો સંપર્ક કર્યો. ડીસીપી ક્રાઈમ અને સાયબર ક્રાઈમ આશિષ શ્રીવાસ્તવે જણાવ્યું કે ફરિયાદ મળતાં જ સાયબર ટીમ એક્શનમાં આવી અને ફ્રોડ ટ્રાન્ઝેકશનને ફ્રીઝ કર્યા બાદ પીડિતાને પૈસા પરત અપાવ્યા છે.ડીસીપી આશિષ શ્રીવાસ્તવે કહ્યું કે લોકોએ ખૂબ કાળજી રાખવાની જરૂર છે અને કોઈ પણ સંજોગોમાં તેમની બેંકની માહિતી કોઈની સાથે શેર કરવી જોઈએ નહીં. પૈસા મળતા જયદીપે રાહતનો શ્વાસ લીધો અને સાયબર ટીમનો પણ આભાર માન્યો હતો. જયદીપને તેના પૈસા પાછા મળી ગયા હોવા છતાં ઘણા એવા લોકો છે જેમની મહેનતની કમાણી સાયબર ફ્રોડમાસ્ટર દ્વારા ચોરી કરવામાં આવે છે અને સામે પક્ષે ફરિયાદીને જ ઘણા દિવસો બેંક અને પોલીસ સ્ટેશનના ધક્કા ખાવાની નોબત આવે છે.

### નીટ પરીક્ષામાં ચોરીનો મામલો

# ગુજરાત સહિત અન્ય રાજ્યના કુલ ૧૬ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા

## પરીક્ષાના દિવસના સીસીટીવી ફૂટેજ સાથે પોલીસ ટીમ પરત ફરી

ગોધરા, તા.૧૯

ગોધરા ખાતે નીટ પરીક્ષા કેન્દ્રમાં ચોક્કસ વિદ્યાર્થીઓને ચોરી કરાવવાના ષડયંત્રમાં પોલીસ તપાસ દરમિયાન ગુજરાત સહિત અન્ય રાજ્યના કુલ ૧૬ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા હતાં. ગોધરા ખાતે નીટ પરીક્ષા કેન્દ્રમાં ચોક્કસ વિદ્યાર્થીઓને ચોરી કરાવવાના ષડયંત્રમાં પોલીસ તપાસ દરમિયાન ગુજરાત સહિત અન્ય રાજ્યના કુલ ૧૬ વિદ્યાર્થીઓના નામ સામે આવ્યા હતાં. આ વિદ્યાર્થીઓની તમામ માહિતી, પરીક્ષાના દિવસના સીસીટીવી ફૂટેજ અને અન્ય દસ્તાવેજી પૂરાવાઓ પંચમહાલ પોલીસ તેમજ તપાસ અધિકારી દ્વારા નેશનલ ટેસ્ટિંગ એજન્સી (એનટીએ) પાસે ઈ-મેલના માધ્યમથી મેળવવા માટે બે વખત માંગણી કરવા છતાં એનટીએ દ્વારા પૂરા પાડવામાં આવ્યા ન હતા.છેવટે પંચમહાલ પોલીસની એક ટીમને પાંચ દિવસ અગાઉ પૂરાવા મેળવવા એનટીએની દિલ્હી ખાતેની ઓફિસે મોકલવાની ફરજ પડી હતી. જે ટીમે દિલ્હી ખાતે બે દિવસનું રોકાણ કરી એનટીએની મુખ્ય ઓફિસના જવાબદાર અધિકારીને મળી તપાસમાં જરૂરી તમામ દસ્તાવેજી પૂરાવા જેમાં ગોધરા સેન્ટરના વિદ્યાર્થીઓના નામ, સરનામા અને તે સંબંધની અન્ય મહત્વની માહિતી, ગોધરા ખાતેના નીટના પરીક્ષા કેન્દ્રના પરીક્ષા દિવસના સીસીટીવી ફૂટેજ વિગેરે મેળવ્યા હતા, જે મેળવી ટીમ પરત ગોધરા આવી હતી. જેના આધારે હવે આગળની તપાસ હાથ ધરવામાં આવશે.

### NEET ફરીથી લેવાની માંગ સાથે ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરાયા

# પાટણમાં NEET મુદ્દે NSUI અને નીટના છાત્રોએ હાઈવે ચક્કાજામ કરતાં અટકાયત

## આંદોલન કરીને ચક્કાજામ કરતાં પોલીસ દ્વારા ટીંગાટોળી કરીને વાનમાં બેસાડી બી ડિવિઝન પોલીસ મથકે લઈ જવાયા હતા

પાટણ, તા.૧૯

પાટણમાં નીટની પરીક્ષા મામલે કોંગ્રેસના વિદ્યાર્થી સંગઠન NSUIએ નીટના વિદ્યાર્થીઓને સાથે રાખીને મંગળવારે ઊંઝા ત્રણ રસ્તા પર ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરી રસ્તા રોકો આંદોલન કરીને ચક્કાજામ કરતાં પોલીસ દ્વારા ટીંગાટોળી કરીને વાનમાં બેસાડી બી ડિવિઝન પોલીસ મથકે લઈ જવાયા હતા. NEETની પરીક્ષા અને પરિણામમાં ગોબાચારીના થયેલા આક્ષેપને લઈને દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે ત્યારે મંગળવારે પાટણમાં કોંગ્રેસની વિદ્યાર્થી પાંખ NSUI દ્વારા નીટ મામલે ઊંઝા ત્રણ રસ્તા પર નીટના વિદ્યાર્થીઓને સાથે રાખીને ચકકાજામનો કાર્યક્રમ કરાયો હતો. જેમાં ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કરવામાં આવ્યો હતો અને નીટની પરીક્ષા ફરીથી લેવામાં આવે તેવી માંગ કરાઈ હતી. NSUIના કાર્યકરો તેમજ વિદ્યાર્થીઓએ રસ્તા રોકો આદોલન કરી ચક્કાજામ કરી સૂત્રોચ્ચાર કરતાં વાતાવરણ તંગ બન્યું હતું. જેની જાણ થતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો અને આંદોલનકારી કાર્યકરો અને વિદ્યાર્થીઓને માર્ગ ખુલ્લો કરવા સમજાવ્યા હતા. પણ તેમણે ચક્કાજામ આંદોલન ચાલુ રાખી ભાજપ વિરુદ્ધ સૂત્રોચાર કરતાં પોલીસે બળ પ્રયોગ કરી એનએસયુઆઈના કાર્યકરો અને નીટના વિદ્યાર્થીઓની ટીંગાટોળી કરી પોલીસવાનમાં બેસાડી અટકાયત કરીને તેઓને બી ડિવિઝન પોલીસ મથકે લઈ જવાયા હતા.

હાઈવે ચક્કાજામ થતાં પોલીસે NSUIના કાર્યકરો અને નીટના વિદ્યાર્થીઓને અટકાયત કરી લેતાં રસ્તો ખુલ્લો થયો હતો.

NEET પરીક્ષાનું પરિણામ જાહેર થયા બાદ તેમાં ગેરરિતીના મુદ્દે વિવાદ છેડાયો છે. દેશભરમાં વિરોધ થઈ રહ્યો છે ત્યારે ડીસામાં આમ આદમી પાર્ટીએ નાયબ કલેક્ટર નેહાબેનને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં દ્ગઈઈ્‌ની પરીક્ષામાં ઘણી ગેરરિતીઓ પ્રકાશમાં આવી હોવાનું જણાવી ફરીથી પરીક્ષા લેવાની માંગ કરાઈ હતી.

### નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાન મોદીએ ઉદ્‌ઘાટન કર્યું

# અગ્નિની જ્વાળાઓ પણ જ્ઞાનને નષ્ટ કરી શકે નહીં : વડાપ્રધાન

પટણા, તા.૧૯

બિહારમાં આવેલી નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઉદ્‌ઘાટન કર્યું છે. આ પ્રસંગે તેમણે કહ્યું કે મને ત્રીજી ટર્મ માટે શપથ લીધા બાદ પહેલા ૧૦ દિવસમાં નાલંદા જવાની તક મળી છે. આ માત્ર મારું સૌભાગ્ય નથી, પરંતુ હું તેને ભારતની વિકાસ યાત્રાના શુભ સંકેત તરીકે પણ જોઉં છું. નાલંદા નામ નથી પરંતુ ઓળખ અને ગૌરવ છે. પીએમ મોદીએ કહ્યું કે નાલંદા એ સત્યનું ઉદાહરણ છે કે પુસ્તકો અગ્નિની જ્વાળામાં ભલે બળી શકે, પરંતુ અગ્નિની જ્વાળાઓ જ્ઞાનને બાળી શકતી નથી. નાલંદા તેના પ્રાચીન અવશેષોની નજીક પુનર્જીવનમાંથી પસાર થયું છે. આ નવું કેમ્પસ વિશ્વ સમક્ષ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે.વડાપ્રધાન મોદીએ જણાવ્યુ કે, નાલંદા બતાવશે કે જે રાષ્ટ્રો મજબૂત માનવીય મૂલ્યો પર ઊભેલા છે, તેઓ જાણે છે કે કેવી રીતે રાષ્ટ્રીય ઈતિહાસને પુનર્જીવિત કરીને સારા ભવિષ્યનો પાયો નાખવો. નાલંદા માત્ર ભારતના ભૂતકાળનું પુનર્જીવન નથી, તેની સાથે વિશ્વ અને એશિયાના ઘણા દેશોનો વારસો જોડાયેલો છે. અમારા ભાગીદાર દેશોએ પણ નાલંદા યુનિવર્સિટીના પુનર્નિર્માણમાં ભાગ લીધો છે. આ અવસર પર હું ભારતના તમામ મિત્ર દેશોને અભિનંદન આપું છું. તેમણે કહ્યું કે પ્રાચીન નાલંદામાં બાળકોનો પ્રવેશ તેમની ઓળખ કે નાગરિકતાના આધારે કરવામાં આવતો ન હતો. દરેક દેશ અને દરેક વર્ગના યુવાનો અહીં આવતા હતા. નાલંદા યુનિવર્સિટીના આ નવા કેમ્પસમાં આપણે એ જ પ્રાચીન પ્રણાલીને ફરીથી મજબૂત કરવી પડશે. વિશ્વના ઘણા દેશોમાંથી વિદ્યાર્થીઓ અહીં આવવા લાગ્યા છે. આવનારા સમયમાં નાલંદા યુનિવર્સિટી ફરી એકવાર આપણા સાંસ્કૃતિક આદાન-પ્રદાનનું મુખ્ય કેન્દ્ર બનશે. વડાપ્રધાને કહ્યું કે ૨૧ જૂને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ છે. આજે ભારતમાં યોગની સેંકડો શૈલીઓ અસ્તિત્વમાં છે. આપણા ઋષિમુનિઓએ આ અંગે વ્યાપક સંશોધનો કર્યા હશે, પરંતુ યોગ પર કોઈએ ઈજારો નથી બનાવ્યો. આજે સમગ્ર વિશ્વ યોગને અપનાવી રહ્યું છે, યોગ દિવસ એક વૈશ્વિક તહેવાર બની ગયો છે. ભારત સદીઓથી એક મોડેલ તરીકે જીવે છે અને સ્થિરતા દર્શાવે છે. અમે પ્રગતિ અને પર્યાવરણને સાથે લીધા છે. એ અનુભવોના આધારે ભારતે વિશ્વને મિશન લાઈફ જેવી માનવતાવાદી દ્રષ્ટિ આપી છે. તેમણે કહ્યું કે મારું મિશન છે કે ભારત વિશ્વ માટે શિક્ષણ અને જ્ઞાનનું કેન્દ્ર બને. ભારતને ફરીથી વિશ્વના અગ્રણી જ્ઞાન કેન્દ્ર તરીકે ઓળખાવવું જોઈએ. આજે સમગ્ર વિશ્વની નજર ભારત પર છે. તે ભારતના યુવાનો પર છે. વિશ્વ લોકશાહીની માતા બુદ્ધના આ દેશ સાથે ખભે ખભા મિલાવીને ચાલવા માંગે છે. વડાપ્રધાને કહ્યુ કે નાલંદાની આ ભૂમિ વિશ્વ ભાઈચારાની લાગણીને નવી શરુઆત આપી શકે છે, તેથી નાલંદાના વિદ્યાર્થીઓની જવાબદારી પણ મોટી છે. વિદ્યાર્થીઓ ભારત અને સમગ્ર વિશ્વનું ભવિષ્ય છે. અમૃતકાલના આ ૨૫ વર્ષ ભારતના યુવાનો માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. નાલંદા યુનિવર્સિટીના દરેક વિદ્યાર્થી માટે આ ૨૫ વર્ષ એટલા જ મહત્વપૂર્ણ છે. અહીંથી નીકળ્યા પછી વિદ્યાર્થીઓ જે પણ ક્ષેત્રમાં જાય, તેમના પર તેમની યુનિવર્સિટીના માનવીય મૂલ્યોની મહોર દેખાતી હોવી જોઈએ.

### વિદ્યાર્થી સંગઠનોએ ૪૮ કલાકનું અલ્ટિમેટ આપ્યું હતું

# MS યુનિ.માં પ્રવેશ આપવાની માંગ પર વિદ્યાર્થી સંગઠનો અડગ

## વિદ્યાર્થીઓ માટે ૧૪૦૦ બેઠક વધારવાનો નિર્ણય કર્યો હોવા છતાં વિવિધ વિદ્યાર્થી સંગઠનો તેને ફક્ત લોલીપોપ ગણાવી વિરોધ કરી રહ્યા છે

વડોદરા, તા.૧૯

વડોદરાની MS યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર વિજય શ્રીવાસ્તવે સ્થાનિક વિદ્યાર્થીઓ માટે ૧૪૦૦ બેઠક વધારવાનો નિર્ણય કર્યો હોવા છતાં વિવિધ વિદ્યાર્થી સંગઠનો તેને ફકત લોલીપોપ ગણાવી વિરોધ કરી રહ્યા છે. વિદ્યાર્થીઓની માંગ છે કે વડોદરાના તમામ વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીમાં પ્રવેશ આપવામાં આવે. તેઓએ લોલીપોપની મોટી પ્રતિકૃતિ બનાવી હતી અને સત્તાધીશોને આપવામ આવ્યા હતા. જો કે તેઓ આમ કરે તે પહેલા પોલીસે બધાને રોકતા ઝપાઝપીના દ્રશ્યો જોવા મળ્યા હતા. પોલીસે વિદ્યાર્થીઓની લોલીપોપ છીનવી તોડી નાખી હતી. વિદ્યાર્થીઓ આ લોલીપાપ વીસી સરને આપવા માંગતા હતા.

AGSUના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે અમે સ્થાનિક વિદ્યાર્થીઓ માટે આંદોલન કરી રહ્યા છીએ. ગઈકાલે કુલપતિના સ્ટેટમેન્ટમાં એવું બોલ્યા છે કે ૧૪૦૦ સીટનો વધારો કરવામાં આવ્યો છે, પરંતુ પહેલા દિવસથી એક જ માંગ છે. તમામે તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ મળવો જોઈએ.

NSUIએ આજે હેડ ઓફિસ ખાતે વિરોધપ્રદર્શન કર્યું હતું. હેડ ઓફિસની બહાર મેઈન રોડ ચક્કાજામ કર્યો હતો. પોલીસે આંદોલન કરી રહેલા પાંચથી વધુ કાર્યકરોની ટીંગાટોળી સાથે અટકાયત કરી હતી. વડોદરાના તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને કોમર્સ ફેકલ્ટીના પ્રથમ વર્ષમાં પ્રવેશ મળવો જોઈએ એવી માગ કરી કુલપતિ ‘હાય હાય’ના નારા લગાવ્યા હતા. NSUIના પ્રમુખ અમર વાઘેલાએ જણાવ્યું હતું કે અમારી માગણી છે કે વડોદરાના તમામ વિદ્યાર્થીઓનો એમ.એસ. યુનિવર્સિટમાં ભણવાનો હક છે. જ્યાં સુધી કોમર્સમાં તમામ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવામાં નહીં આવે ત્યાં સુધી અમે આંદોલન ચાલુ રાખીશું. આજે અમે ચક્કાજામ કરીને વિરોધ કર્યો છે. ગઈકાલે વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થી, ભાજપ અને કોંગ્રેસના નેતાઓએ વિશાળ રેલી કાઢી યુનિવર્સિટી હેડ ઓફિસ ખાતે પહોંચીને હલ્લાબોલ કર્યો હતો અને વીસી હાય હાયના નારા લગાવ્યા હતા.

આ સમયે તમામ વિદ્યાર્થીઓ કાળા પોશાકમાં સજ્જ થઈને આવ્યા હતા. આજના દિવસને કાળો દિવસ ગણાવ્યો હતો. આ સમયે પોલીસ અને વિદ્યાર્થીઓ વચ્ચે ઘર્ષણ થયું હતું અને ઉગ્ર બોલાચાલીનાં દશ્યો સર્જાયાં હતાં. વિદ્યાર્થી સંગઠનોએ ૪૮ કલાકનું અલ્ટિમેટ આપ્યું હતું અને ૪૮ કલાકમાં વડોદરાના તમામ સ્થાનિક વિદ્યાર્થીઓને પ્રવેશ નહીં મળે તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

એમ. એસ. યુનિવર્સીટીના વાઈસ-ચાન્સેલર વિજય શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે ગઈકાલે રાત્રે સાંસદ અને ધારાસભ્યો સાથે MSUના સભ્યોની બેઠક મળી હતી, જે ત્રણ કલાક સુધી ચાલી હતી. વાલીઓ અને વિદ્યાર્થીઓ અમારા માટે મુખ્ય છે. જોકે ગત વર્ષે ૯૫ ટકા વિદ્યાર્થીઓ વડોદરાના હતા. GCAS અંતર્ગત વર્તમાન બેઠક વ્યવસ્થા કરી હતી, જેમાં ૭૦ ટકા વડોદરા અને ૩૦ ટકા બહારના વિદ્યાર્થીઓનો સમાવેશ કરાયો હતો. હાલ મેરિટ આધારે પ્રવેશ પણ આપી દેવાયો છે અને હવે એમાં કોઈ દખલગીરી કરી શકાય નહીં.

### ભારતીય ટીમે જોરદાર પ્રેક્ટિસ કરી

# T૨૦ વર્લ્ડ કપની સુપર ૮ મેચ માટે ભારતીય ટીમે પરસેવો પાડ્યો

## ટીમ દ્વારા પ્રેક્ટિસ સેશનની તસવીરો શેર કરવામાં આવી

નવી દિલ્હી, તા.૧૯

ભારતીય ક્રિકેટ ટીમે T20 વર્લ્ડ કપની સુપર-૮ મેચ માટે તૈયારીઓ શરૂ કરી દીધી છે. જેમાં ટીમ દ્વારા પ્રેક્ટિસ સેશનની કેટલીક તસવીરો પણ શેર કરવામાં આવી છે. ભારતીય ટીમ ગ્રુપ સ્ટેજમાં ત્રણ મેચ જીતીને સુપર-૮માં પહોંચી ગઈ છે, તેમજ ભારતની છેલ્લી લીગ મેચ વરસાદને કારણે રદ કરવામાં આવી હતી.ભારતીય ટીમે તેની તમામ ગ્રુપ લીગ સ્ટેજની મેચ અમેરિકામાં રમી હતી, જ્યારે આગામી મેચ વેસ્ટ ઈન્ડિઝમાં રમવાની છે. બીસીસીઆઈ દ્વારા પોસ્ટ કટેલા એક વીડિયોમાં ખેલાડીઓ બાર્બાડોસમાં બીચ વોલીબોલ રમતા દેખાયા હતા. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ના સુપર-૮ તબક્કામાં પોતાની પ્રથમ મેચ અફઘાનિસ્તાન સામે રમશે.

ભારતીય ટીમે રોહિત શર્માની આગેવાનીમાં આયર્લેન્ડ, પાકિસ્તાન અને અમેરિકાને હરાવીને સતત ત્રણ મેચ જીતી છે. જ્યારે કેનેડા સામેની મેચ વરસાદના કારણે ધોવાઈ ગઈ હતી. ભારતીય ટીમ ટી૨૦ વર્લ્ડ કપના સુપર-૮ તબક્કામાં ત્રણ મેચ રમશે. ભારતીય ટીમ સુપર ૮ના ગ્રુપ ૧માં રાખવામાં આવી છે. ભારત પ્રથમ મેચ ૨૦ જૂને અફઘાનિસ્તાન સામે, જ્યારે બીજી મેચ ૨૨ જૂને બાંગ્લાદેશ સામે અને ત્રીજી મેચ ૨૪ જૂને ઓસ્ટ્રેલિયા સામે રમશે. ઓસ્ટ્રેલિયાએ લીગ તબક્કાની તેની તમામ મેચો જીતી છે, જ્યારે અફઘાનિસ્તાને ત્રણ મેચ જીતી છે. ભારતીય ટીમ : રોહિત શર્મા (કેપ્ટન), હાર્દિક પંડ્યા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, સૂર્યકુમાર યાદવ, ઋષભ પંત, સંજુ સેમસન, શિવમ દુબે, રવિન્દ્ર જાડેજા, અક્ષર પટેલ, કુલદીપ યાદવ, યુઝવેન્દ્ર ચહલ, અર્શદીપ સિંહ, જસપ્રિત બુમરાહ, મોહમ્મદ સિરાજ.

### કિરણ અને શ્રુતિ ચૌધરીના કોંગ્રેસ છોડવા પર ભૂપિન્દર સિંહ હુડ્ડાએ કહ્યું

# ‘તેમનો વિચાર છે કે ટિકિટની વહેંચણી યોગ્ય નથી...’

## હરિયાણામાં કિરણ ચૌધરીએ કોંગ્રેસ સાથેનો ચાર દાયકા જૂનો સંબંધ તોડી નાખ્યો છે, તેમની સહયોગી પુત્રી શ્રીતુ ચૌધરીએ પણ પાટી છોડી દીધી છે

નવી દિલ્હી, તા.૧૯

હરિયાણામાં વિધાનસભા ચૂંટણી પહેલા કોંગ્રેસને મોટો ઝટકો લાગ્યો છે. ધારાસભ્ય કિરણ ચૌધરી અને તેમની પૂર્વ સાંસદ પુત્રી શ્રુતિ ચૌધરીએ પાટી છોડી દીધી છે. બંને આજે એટલે કે બુધવારે દિલ્હીમાં ભાજપમાં જોડાશે. જેને લઈને રાજ્યનું રાજકારણ પણ ગરમાયું છે. હરિયાણાના પૂર્વ સીએમ અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાથી લઈને પૂર્વ સાંસદ બ્રિજેન્દ્ર સિંહ સુધીના નિવેદનો આવ્યા છે. હરિયાણામાં આ વર્ષે ઓક્ટોબરમાં વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. આ અંગે રાજકીય પક્ષો તૈયારીઓમાં વ્યસ્ત છે. રાજ્યમાં હાલમાં ભાજપની સરકાર છે અને નાયબ સિંહ સૈની મુખ્યમંત્રી છે. ચૂંટણી પહેલા કિરણ ચૌધરી અને તેમની પુત્રી શ્રુતિ ચૌધરી કોંગ્રેસ છોડવાને કારણે પાટીને મોટું નુકસાન માનવામાં આવી રહ્યું છે. લોકસભા ચૂંટણીમાં ટિકિટની વહેંચણીને લઈને મા-દીકરી પાટી હાઈકમાન્ડથી નારાજ હતા.આ અંગે કોંગ્રેસના નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાએ કહ્યું કે, અયોગ્ય ટિકિટ વહેંચણી કિરણ ચૌધરીની વિચારસરણી છે. ટિકિટની યોગ્ય વહેંચણી કરવામાં આવી હતી, તેથી કોંગ્રેસને ૫ બેઠકો મળી હતી. જો આપણે સમગ્ર દેશમાં ઈન્ડિયા બ્લોકના વોટ શેર પર નજર કરીએ તો હરિયાણામાં કોંગ્રેસની વોટ ટકાવારી ઘણી વધારે છે. લોકસભા ચૂંટણીમાં ભાજપ અડધું થઈ ગયું છે. તે વિધાનસભાની ચૂંટણીમાં સંપૂર્ણ સ્પષ્ટ થઈ જશે.પૂર્વ સાંસદ અને કોંગ્રેસ નેતા બ્રિજેન્દ્ર સિંહે કહ્યું કે, શ્રુતિ ચૌધરી પહેલા પણ સાંસદ રહી ચુકી છે અને મહેન્દ્રગઢ ભિવાની સીટ પરથી મજબૂત ઉમેદવાર હતી, તેમાં કોઈ શંકા નથી. પરંતુ પાટીનો પોતાનો નિર્ણય છે. પાટીએ જે પણ નિર્ણય લીધો હશે તે તમામ સંજોગોને જોઈને લેવામાં આવ્યો હશે. હવે ચૂંટણીના પરિણામો આવી ગયા છે ત્યારે આપણે એ વાતોને બાજુએ મૂકીને વિધાનસભાની ચૂંટણીની તૈયારી કરવી જોઈએ. બ્રિજેન્દ્રએ કહ્યું કે ટિકિટ વિતરણને લઈને લાંબી પ્રક્રિયા ચાલી રહી છે. પહેલા સ્ક્રીનીંગ કમિટી બેસે છે. નામો ઉપર મોકલેલ છે. પછી નામો સીઈસી પાસે આવે છે. ત્યાર બાદ ટિકિટો નક્કી થાય છે. માત્ર એકને ટિકિટ મળે છે. ઘણા દાવેદારો છે. બ્રિજેન્દ્ર ભાજપ છોડીને કોંગ્રેસમાં જોડાયા હતા.જણાવી દઈએ કે કિરણ ચૌધરી અને શ્રુતિ ચૌધરીએ મંગળવારે કોંગ્રેસની પ્રાથમિક સદસ્યતામાંથી રાજીનામું આપી દીધું છે અને કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેને અલગ-અલગ રાજીનામું મોકલી દીધું છે. જેમાં પૂર્વ મુખ્યમંત્રી ભૂપિન્દર સિંહ હુડ્ડા પર આડકતરી રીતે પ્રહારો કર્યા હતા અને આરોપ લગાવ્યો હતો કે પાટીના રાજ્ય એકમને ખાનગી એસ્ટેટ તરીકે ચલાવવામાં આવી રહી છે. શ્રુતિ ચૌધરી આ સમયે હરિયાણા કોંગ્રેસના કાર્યકારી અધ્યક્ષ પણ હતા. જ્યારે કિરણ ચૌધરી ભિવાની જિલ્લાના તોશામથી વર્તમાન ધારાસભ્ય છે. તેમણે કહ્યું કે તેઓ અને પૂર્વ સાંસદ શ્રુતિ ચૌધરી બંને બુધવારે દિલ્હીમાં ભાજપમાં જોડાશે.કિરણ ચૌધરી હરિયાણાના પૂર્વ મુખ્યમંત્રી બંસી લાલની વહુ છે અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા ભૂપિન્દર સિંહ હુડ્ડાના કટ્ટર હરીફ માનવામાં આવે છે. જો કે, કિરણ હુડ્ડાના નેતૃત્વ હેઠળના કોંગ્રેસના શાસન દરમિયાન મંત્રી પણ રહી ચુક્યા છે. હરિયાણાના રાજકારણમાં મા-દીકરીનો ખાસ્સો પ્રભાવ છે. રાજ્યમાં વિધાનસભાની ચૂંટણી નજીક છે. માનવામાં આવી રહ્યું છે કે મા-દીકરી ભાજપમાં જોડાવાથી પાટીને ફાયદો થઈ શકે છે.

### TMC ની કાર્ય શૈલી સારી નથી : અભિજીત મુખરજી

# પ્રણવ મુખરજીના પુત્ર અભિજીત મુખરજી કોંગ્રેસમાં પરત ફરવા તૈયાર

## હાઈકમાન્ડ મને તરત જોડાવાનું કહેશે તો હું તરત કોંગ્રેસ પાર્ટીમાં જોડાઈ જઈશ : અભિજીત મુખરજી

નવી દિલ્હી, તા.૧૯

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ અને કોંગ્રેસના દિગ્ગજ નેતા દિવંગત પ્રણવ મુખરજીના પુત્ર અભિજીત મુખરજીએ કોંગ્રેસમાં પરત ફરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. આ માટે તેમણે મમતા બેનર્જીની આગેવાની હેઠળની ટીએમસીની કાર્ય શૈલી પર પણ સવાલો ઉઠાવ્યા છે. અભિજીત મુખરજીએ કોંગ્રેસમાંથી રાજીનામું આપી દીધું હતું અને ૨૦૨૧માં ટીએમસીમાં જોડાયા હતા. ટીએમસી છોડીને કોંગ્રેસમાં પાછા ફરવાની ઈચ્છા વ્યક્ત કરતા તેમણે કહ્યું, “ટીએમસીની કાર્ય શૈલી કોંગ્રેસ સાથે બિલકુલ મેળ ખાતી નથી. મેં વિચાર્યું કે હવે બહુ થયું. દિલ્હી આવ્યા બાદ મેં કોંગ્રેસ હાઈકમાન્ડ પાસે સમય માંગ્યો છે. જો કોંગ્રેસ હાઈકમાન્ડ મને તાત્કાલિક જોડાવાનું કહેશે તો હું સંપૂર્ણપણે સ્વતંત્ર છું અને કોંગ્રેસ પાર્ટીમાં યોગદાન આપવા તૈયાર છું.” અભિજિત મુખરજીએ કહ્યું કે, “૨૦૧૯ની ચૂંટણીમાં હું કયા કારણોથી હારી ગયો તે વિશે હું જાણું છું. હું તેના વિશે ખુલીને કહી શકીશ નહીં. હાઈકમાન્ડ પણ તેના વિશે જાણે છે. ૨.૫ વર્ષ સુધી કોંગ્રેસ દ્વારા મને જે પણ કામ આપવામાં આવ્યું હતું તેને મે પૂરુ કર્યું હતું. પરંતુ પાર્ટીએ મને પૂરતું કામ આપ્યું નથી. આનું કારણ ગમે તે રહ્યું હશે.’ તમને જણાવી દઈએ કે તેમણે ૨૦૧૯માં લોકસભા ચૂંટણી કોંગ્રેસના સિમ્બોલ પર લડી હતી અને તેમને હારનો સામનો કરવો પડ્યો હતો.પ્રણવ દાના પુત્રએ વધુમાં કહ્યું કે, “હું ધીમે ધીમે એક ચોક્કસ વ્યક્તિ અને ચોક્કસ જૂથ દ્વારા હાંસિયામાં ધકેલાઈ ગયો હતો. આ દરમિયાન મમતા દીદીએ મળવા બોલાવ્યો હતો, મે તેમને મળવા માટે સમય માંગ્યો, તેમણે મને ટીએમસીમાં જોડાવાની ઓફર કરી દીધી હતી. પાર્ટીમાં જોડાયા પછી મને એવું કોઈ કામ મળ્યું નથી. તેમની કાર્ય શૈલીએ મને નિરાશના કર્યો, પરંતુ કોંગ્રેસ સાથે બિલકુલ મેળ ખાતો નથી. ટીએમસીની કાર્ય શૈલીની ટીકા કરતાં તેમણે કહ્યું કે મેં વિચાર્યું કે હવે બહુ થયું. તેથી, દિલ્હી પાછા આવ્યા પછી કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ મને આડકતરી રીતે પૂછ્યું કે હું શા માટે ચૂપ છું. તેમણે મને સક્રિય થવાનું કહ્યું. મેં વરિષ્ઠ હાઈકમાન્ડ પાસે સમય માંગ્યો, કદાચ મારી એક-બે દિવસમાં હાઈકમાન્ડ સાથે બેઠક થઈ શકે છે. જો તેઓ મને તાત્કાલિક જોડાવાનું કહેશે તો હું કોંગ્રેસમાં જોડાઈ જઈશ.

### શિવસેના છોડનાર કોઈ ખુશ નથીઃ સંજય રાઉત

# NCP નેતા છગન ભુજબલ UBT સેનાના નેતાઓના સંપર્કમાં છેઃ સૂત્રો

## UBT સેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે આવી બાબતો પર ખુલ્લેઆમ ચર્ચા થતી નથી અને દિવાલોની અંદર રહે છે

નવી દિલ્હી, તા.૧૯

UBT સેનાના એક વરિષ્ઠ નેતા ગયા અઠવાડિયે NCP નેતા અને મંત્રી છગન ભુજબળને મળ્યા હતા. લોકસભા ચૂંટણીમાં કારમી હાર બાદ ભુજબળ પાટી નેતૃત્વથી નારાજ હોવાના અહેવાલો વચ્ચે આ બેઠક મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે. તેમના સમર્થકોના દબાણ બાદ છગન ભુજબળ અલગ-અલગ વિકલ્પો પર વિચાર કરી રહ્યા છે. સોમવારે તેમણે મુંબઈમાં OBC મોરચા ‘સમતા પરિષદ’ના નેતાઓની બેઠક બોલાવી અને શક્તિ પ્રદર્શન કર્યું. જો કે, ભુજબળે પાટીમાં તેમની નારાજગીના દાવાને નકારી કાઢ્યા હતા.સૂત્રોના જણાવ્યા અનુસાર UBT સેનાના નેતાઓ અને છગન ભુજબળ વચ્ચે તેમની પાટીમાં સ્વીકાર કરવા અને તેમની સિનિયોરિટી મુજબ એડજસ્ટ કરવાને લઈને પ્રાથમિક વાતચીત ચાલી રહી છે. ઉપરાંત, ભુજબળે શિંદે સેનાના વર્તમાન ધારાસભ્ય સુહાસ કાંડે સામે અનુક્રમે યેવલા અને નંદગાંવ વિધાનસભા મતવિસ્તારનો દાવો પોતાના અને તેમના ભત્રીજા સમીર ભુજબલ માટે કર્યો છે.જો કે, યુબીટી સેનાના નેતા સંજય રાઉતે કહ્યું કે આવી બાબતો પર ખુલીને ચર્ચા કરવામાં આવતી નથી અને તે દિવાલોની અંદર રહે છે. રસપ્રદ વાત એ છે કે રાઉતે કહ્યું કે શિવસેના છોડનાર કોઈ પણ ખુશ કે શાંતિમાં નથી. ભુજબળ શિવસેનામાં હોત તો અત્યાર સુધીમાં સીએમ બનવાનું તિલક લગાવી દીધું હોત. હવે નારાયણ રાણે અને એકનાથ શિંદે સહિત દરેક અશાંત આત્માની જેમ ફરે છે.અગાઉ UBT સેનાએ યેવલા મતવિસ્તારમાંથી છગન ભુજબળ સામે સંભવિત ઉમેદવાર તરીકે પક્ષના સ્થાનિક નેતા કુણાલ દરાડેને આગળ કર્યા હતા. UBT આમીના સ્થાનિક કેડરમાં આ વિવાદનો વિષય બની શકે છે.મહત્વની વાત એ છે કે શિવસેના પાટીના સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ ભુજબળની રાજકીય ‘ઘર વાપસી’ના સમાચાર સામે આવ્યા છે. તેથી, હવે તમામની નજર તેમના આગામી રાજકીય પગલા પર છે.

### ટ્રુડો G7માં શાંતિપૂર્ણ હોવાનો ડોળ કરતા રહ્યા

# જ્યારે કેનેડાની સંસદમાં આતંકવાદી નિજ્જર માટે મૌન પાળવામાં આવ્યું

## ગયા વર્ષે જૂનમાં કેનેડાના સરેમાં ગુરુદ્વારા બહાર નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી

નવી દિલ્હી, તા.૧૯

ગયા વર્ષે જૂનમાં કેનેડાના સરેમાં ગુરુદ્વારા બહાર નિજ્જરની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. નિજ્જર ખાલિસ્તાની આતંકવાદી હતો. ખાલિસ્તાન ટાઈગર ફોર્સનો ચીફ હતો. તે છેલ્લા ઘણા સમયથી કેનેડામાં રહેતો હતો અને ત્યાંથી ભારત વિરુદ્ધ ખાલિસ્તાની આતંકવાદને વેગ આપતો હતો.વડા પ્રધાન નરેન્દ્ર મોદી ઈટાલીના અપુલિયામાં G7 સમિટમાં કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોને મળ્યા હતા. હરદીપ સિંહ નિજ્જરની હત્યાને લઈને કેનેડા દ્વારા ભારત પર લગાવવામાં આવેલા આરોપો બાદ તમામની નજર બંને નેતાઓની મુલાકાત પર ટકેલી છે. પીએમ મોદીને મળ્યા બાદ ટ્રુડોએ સંબંધો સુધારવાની વાત કરી હતી પરંતુ કેનેડાની સંસદમાંથી અલગ જ તસવીર સામે આવી છે.ખાલિસ્તાન ટાઈગર ફોર્સ સંગઠન સાથે જોડાયેલા આતંકવાદી હરદીપ સિંહ નિજ્જર માટે કેનેડાની સંસદમાં બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું. હાઉસ ઓફ કોમન્સમાં, પ્રથમ સ્પીકર, ગ્રેગ ફર્ગ્યુસે નિજ્જર માટે શોક સંદેશ વાંચ્યો અને પછી તમામ સાંસદોને નિજ્જર માટે મૌન પાળવા કહ્યું.અગાઉ, કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોએ કહ્યું હતું કે ભારતની નવી સરકાર સાથે આર્થિક સંબંધો અને રાષ્ટ્રીય સુરક્ષા સંબંધિત મુદ્દાઓ પર ચર્ચા કરવાની આ એક તક છે. જી-7માં પીએમ મોદીને મળ્યા બાદ તેમણે આ વાત કહી.ટ્રુડોએ કહ્યું કે G7 સમિટની સૌથી સારી વાત એ છે કે તમને મોટા પાયા પર વૈશ્વિક નેતાઓ સાથે સીધો કનેક્ટ થવાની તક મળે છે. એવા દેશોના રાષ્ટ્રાધ્યક્ષોને મળવાની પણ તક છે જેમની સાથે કેટલાક મુદ્દાઓ પર મતભેદ છે, જેમાં ભારતનો પણ સમાવેશ થાય છે. ભારત અને કેનેડાના લોકો વચ્ચે સંબંધ છે, જે ખૂબ જ મહત્વપૂર્ણ આર્થિક સંબંધ છે.તેમણે કહ્યું કે આપણા લોકો અને ભારત વચ્ચેના સંબંધો ખૂબ જ ગાઢ છે. ઘણા મોટા મુદ્દાઓ પર સહમતિ છે જેના પર વૈશ્વિક સમુદાય તરીકે આપણે લોકશાહી તરીકે કામ કરવાની જરૂર છે. ઘણા મોટા મુદ્દા છે જેના પર આપણે કામ કરવાની જરૂર છે. હવે ભારતમાં ચૂંટણીઓ થઈ છે. આવી સ્થિતિમાં, મને લાગે છે કે રાષ્ટ્રીય સુરક્ષા અને કેનેડિયન નાગરિકોની સુરક્ષા જેવા કેટલાક અત્યંત ગંભીર મુદ્દાઓ પર ચર્ચા કરવાની તક છે.જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે શું બ્રિટિશ કોલંબિયાના સરેમાં નિજ્જરની હત્યા કેસની તપાસમાં ભારત તરફથી સહકારમાં સુધારો થયો છે. આ અંગે ટ્રુડોએ કહ્યું કે આ દિશામાં કામ થઈ રહ્યું છે.તમને જણાવી દઈએ કે, ઈટાલીમાં G7 સમિટ દરમિયાન પીએમ મોદી અને જસ્ટિન ટ્રુડો વચ્ચે વાતચીત થઈ હતી. ગયા વર્ષે નિજ્જરની હત્યાને લઈને ભારત પર લાગેલા આરોપો બાદ બંને નેતાઓ વચ્ચે આ પહેલી મુલાકાત હતી. આ મીટિંગ પછી પીએમ મોદીએ સોશિયલ મીડિયા પર બંને નેતાઓની હાથ મિલાવવાની તસવીર પણ પોસ્ટ કરી હતી, જેમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ G7 સમિટમાં કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટ્રુડોને મળ્યા હતા.ગયા વર્ષે સંસદમાં બોલતા જસ્ટિન ટ્રુડોએ ખાલિસ્તાની આતંકવાદી હરદીપ સિંહ નિજ્જરની હત્યા માટે ભારતને જવાબદાર ઠેરવ્યું હતું. આ પછી ભારત અને કેનેડા વચ્ચે રાજદ્વારી તણાવ વધી ગયો. ત્યારથી ભારત અને કેનેડા વચ્ચેના સંબંધો ઉતાર-ચઢાવથી ભરેલા રહ્યા છે. ભારતે ટ્રુડો અને તેમની પાટી પર ખાલિસ્તાનીઓને આકર્ષવા માટે વોટ બેંકની રાજનીતિ કરવાનો આરોપ પણ લગાવ્યો હતો.

### હિમાચલના સીએમ સુખુએ કહ્યું

# હાઈકમાન્ડ ઈચ્છતા હતા કે મારી પત્ની લોકસભા ચૂંટણી લડે

## રાજ્યની વર્તમાન પરિસ્થિતિને જોતા તેમની પત્ની દેહરા વિધાનસભા મતવિસ્તારમાંથી સૌથી યોગ્ય ઉમેદવાર છે

નવી દિલ્હી, તા.૧૯

હિમાચલ પ્રદેશના મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ એક મોટું નિવેદન આપીને રાજ્યમાં રાજકીય ચર્ચાનો દોર શરૂ કરી દીધો છે. તેણે કહ્યું છે કે હાઈકમાન્ડે તેની પત્નીને લોકસભા ચૂંટણી લડવા માટે કહ્યું હતું, પરંતુ તેણે ના પાડી દીધી હતી. પરંતુ હવે રાજ્યની વર્તમાન પરિસ્થિતિને જોતા તેમની પત્ની દેહરા વિધાનસભા મતવિસ્તારમાંથી સૌથી યોગ્ય ઉમેદવાર છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે તેમની પત્ની કમલેશ ઠાકુર છેલ્લા ત્રણ વર્ષથી રાજકારણમાં સક્રિય છે અને ભવિષ્યમાં પણ વિસ્તારના વિકાસ માટે પહેલ કરતી રહેશે.તમને જણાવી દઈએ કે હિમાચલ પ્રદેશમાં ૩ વિધાનસભા સીટો પર પેટાચૂંટણી યોજાવાની છે. કોંગ્રેસે પણ ત્રણેય બેઠકો પર ઉમેદવારોના નામ જાહેર કર્યા છે. આ બેઠકો પર ૧૦ જુલાઈએ પેટાચૂંટણી યોજાવાની છે. જે સીટો પર ચૂંટણી યોજાવાની છે તેના નામ દેહરા, હમીરપુર અને નાલાગઢ છે. પાટીએ હમીરપુરથી ડો. પુષ્પેન્દ્ર વર્મા, નાલાગઢ સીટથી હરદીપ સિંહ બાવા અને દેહરા સીટથી સીએમ સુખુની પત્ની કમલેશ ઠાકુરના નામની જાહેરાત કરી છે. કમલેશનું આ રાજકીય પદાર્પણ હશે. ભાજપે તેમની સામે ચૂંટણી લડવા માટે હોશિયાર સિંહને પોતાના ઉમેદવાર બનાવ્યા છે. તમને જણાવી દઈએ કે કમલેશ ઠાકુરના મામાનું ઘર દહેરામાં છે.વાસ્તવમાં, અપક્ષ ધારાસભ્યોના રાજીનામા સ્વીકાર્યા બાદ હિમાચલ પ્રદેશની આ ત્રણ બેઠકો પર પેટાચૂંટણી યોજાવા જઈ રહી છે. ૨૦૨૨ની ચૂંટણીમાં અહીંથી અપક્ષ ધારાસભ્યો જીત્યા હતા. આ પછી, ફેબ્રુઆરી ૨૦૨૪ માં રાજ્યસભાની ચૂંટણી પછી રાજ્યમાં રાજકીય ઘટનાક્રમમાં, જ્યારે કોંગ્રેસના ૬ ધારાસભ્યોએ તેમનું સભ્યપદ ગુમાવ્યું હતું, ત્યારે આ ત્રણ અપક્ષોએ તેમના પદ પરથી રાજીનામું આપી દીધું હતું. ત્રણેય અપક્ષો ભાજપ સાથે ગયા હતા. હવે આગામી પેટાચૂંટણીમાં આ ત્રણ ધારાસભ્યો પર ભાજપે જુગાર ખેલ્યો છે.તમને જણાવી દઈએ કે કોંગ્રેસ ક્યારેય દહેરા વિધાનસભા સીટ જીતી શકી નથી. આ સીટ વર્ષ ૨૦૦૮માં સીમાંકન બાદ અસ્તિત્વમાં આવી હતી અને અત્યાર સુધીમાં અહીં ત્રણ ચૂંટણીઓ થઈ ચૂકી છે પરંતુ કોંગ્રેસ એક પણ ચૂંટણીમાં સફળ રહી ન હતી. ૨૦૧૨માં બીજેપીના રવિન્દ્ર રવિ અહીંથી જીત્યા હતા. ૨૦૧૭ અને ૨૦૨૨માં અપક્ષ ઉમેદવાર હોશિયાર સિંહ અહીંથી જીતીને વિધાનસભા પહોંચ્યા હતા. આ વખતે તેઓ ભાજપની ટિકિટ પર ચૂંટણી લડી રહ્યા છે.

### નાલંદાનો આ વીડિયો વાયરલ થયો

# સંસદમાં ચરણસ્પર્શ પછી નીતિશે PM મોદીની આંગળીઓ તપાસી

## ત્યારબાદ મોદી અને નીતિશ હસતા નજર આવી રહ્યા છે

પટણા, તા.૧૯

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે બિહારના રાજગીરમાં ઐતિહાસિક નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસનું ઉદ્દ્ઘાટન કર્યું છે. આ અવસર પર એક કાર્યક્રમને સંબોધિત કરતા પીએમ મોદીએ કહ્યું કે, ત્રીજી વખત વડાપ્રધાનનો કાર્યકાળ સંભાળ્યાના ૧૦ દિવસમાં હું બિહારના નાલંદા પહોંચ્યો છું. નાલંદા આવવું એ મારું સૌભાગ્ય છે. પુસ્તકો ભલે આગની જ્વાળામાં સળગી ગયા હોય પરંતુ જ્ઞાનને નાબૂદ ન કરી શકાય. નાલંદાનું આ નવું કેમ્પસ માત્ર દેશને જ નહીં પરંતુ વિશ્વને પણ ભારતની ક્ષમતાનો પરિચય કરાવશે. આ અવસર પર વિદેશ મંત્રી એસ. જયશંકરની સાથે જ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર પણ હાજર રહ્યા હતા. નાલંદા યુનિવર્સિટીના આ કાર્યક્રમનો એક વીડિયો વાયુવેગે વાયરલ થઈ રહ્યો છે. તેમાં જોઈ શકાય છે કે, સીએમ નીતિશ ખૂબ જ જિજ્ઞાસાથી પીએમ મોદીની આંગળી જોતા નજર આવી રહ્યા છે. ત્યારબાદ બંને હસતા નજર આવી રહ્યા છે. થોડા દિવસો પહેલા બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે સંસદમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કર્યા હતા. હવે નાલંદા યુનિવર્સિટીના નવા કેમ્પસના ઉદ્ઘાટનના અવસર પર આયોજિત કાર્યક્રમમાં CM નીતિશ કુમાર મંચ પર પીએમ મોદીની આંગળીઓ તપાસતા નજર આવ્યા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સ્પષ્ટ જોઈ શકાય છે કે, કેવી રીતે સીએમ નીતિશ કુમાર પીએમ મોદીનો હાથ પોતાના હાથમાં લઈને તેમની આંગળીઓ તપાસી રહ્યા છે. આ દરમિયાન તેમની વચ્ચે થોડી વાતચીત થઈ અને પછી બંને નેતાઓ હસે છે. હવે તેમનો આ વીડિયો ખૂબ વાયરલ થઈ રહ્યો છે. સંસદમાં NDA નેતાઓની બેઠક દરમિયાન ગઠબંધનના તમામ ઘટક દળોના નેતાઓ સંસદમાં હાજર હતા. તે દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમારે પીએમ મોદીના ચરણ સ્પર્શ કર્યા હતા. જોકે, પીએમ મોદીએ પૂરી નમ્રતા સાથે તેમને રોકવાનો પૂરો પ્રયાસ કર્યો હતો. લોકોના એક વર્ગે સીએમ નીતીશ દ્વારા પીએમ મોદીના ચરણસ્પર્શવાની આકરી ટીકા કરી હતી. એક સમયે નીતિશ કુમારની નજીક રહેલા પ્રશાંત કિશોરે તેમના પર આકરા પ્રહારો કર્યા હતા. પ્રશાંત કિશોરે કહ્યું હતું કે ૧૩ કરોડ લોકોના નેતા અમારું ગૌરવ અને સન્માન છે, પરંતુ આખા દેશ સામે ઝૂકીને મુખ્યમંત્રી બની રહેવા માટે આ વ્યક્તિ નરેન્દ્ર મોદીના ચરણસ્પર્શ કરી રહ્યા છે. જ્યારે તેમના હાથમાં જ કેન્દ્ર સરકારની ચાવી છે. આ વ્યક્તિએ મોદીના ચરણસ્પર્શ કરીને બિહારનું માથું શરમથી ઝૂકાવી દીધું.

### ડ્રોનના ઓપરેશન પર પ્રતિબંધ

# યોગ દિવસ પર PM મોદીની મુલાકાત પહેલા શ્રીનગરને ‘રેડ ઝોન’ જાહેર

## PM મોદી શુક્રવારે સવારે અહીં SKICC ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કરશે

નવી દિલ્હી, તા.૧૯

વડા પ્રધાન નરેન્દ્ર મોદીની શ્રીનગરની મુલાકાત પહેલા, જમ્મુ અને કાશ્મીર પોલીસે મંગળવારે શહેરને અસ્થાયી ‘રેડ ઝોન’ જાહેર કર્યું હતું અને ડ્રોન ચલાવવા પર પ્રતિબંધ મૂક્યો હતો. વડાપ્રધાન તરીકે ત્રીજી વખત શપથ લીધા બાદ મોદી જમ્મુ-કાશ્મીરની તેમની પ્રથમ મુલાકાતના ભાગરૂપે ગુરુવારે શ્રીનગર જશે. PM મોદી શુક્રવારે સવારે અહીં SKICC ખાતે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ નિમિત્તે મુખ્ય કાર્યક્રમનું નેતૃત્વ કરશે.આ પ્રસંગે ડ્રોનના સંચાલન પર પ્રતિબંધ અંગે, શ્રીનગર પોલીસે ‘X’ પર કહ્યું, ‘ડ્રોન નિયમો, 2021 ના નિયમ 24 (2) ની જોગવાઈઓ અનુસાર શ્રીનગર શહેરમાં તાત્કાલિક અસરથી ડ્રોન અને ક્વોડકોપ્ટર ચલાવવા પર અસ્થાયી રૂપે પ્રતિબંધિત છે. ‘રેડ ઝોન’ જાહેર કરવામાં આવ્યો છે.પોલીસે જણાવ્યું હતું કે ‘રેડ ઝોન’માં તમામ અનધિકૃત ડ્રોન ઓપરેશન્સને ડ્રોન નિયમોની જોગવાઈઓ અનુસાર સજા થઈ શકે છે. પોલીસે લોકોને પણ આ બાબતે સહકાર આપવા જણાવ્યું હતું.આ વર્ષે, આંતરરાષ્ટ્રીય યોગ દિવસનું મુખ્ય સમારોહ 21 જૂને શ્રીનગરમાં શેર-એ-કાશ્મીર ઈન્ટરનેશનલ કોન્ફરન્સ સેન્ટર (SKICC) ખાતે યોજાશે, જેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમનું નેતૃત્વ કરશે. તેઓ 20 જૂને શ્રીનગર પહોંચશે અને બીજા દિવસે આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીનું નેતૃત્વ કરશે. રિપોર્ટ અનુસાર, આ ઈવેન્ટમાં ઘણા ખેલાડીઓ સહિત સેંકડો લોકો ભાગ લે તેવી અપેક્ષા છે. અધિકારીઓએ જણાવ્યું કે સહભાગીઓને શોર્ટલિસ્ટ કરવામાં આવ્યા છે અને તેમને વિવિધ ‘આસનો’માં તાલીમ આપવામાં આવી રહી છે.દરમિયાન, આયુષ રાજ્ય મંત્રી (સ્વતંત્ર હવાલો) પ્રતાપરાવ જાધવે જણાવ્યું હતું કે આ વર્ષની થીમ ‘સ્વ અને સમાજ માટે યોગ’ વ્યક્તિગત અને સામાજિક સુખાકારીને પ્રોત્સાહન આપવામાં યોગની ભૂમિકાને પ્રકાશિત કરે છે. જાધવે કહ્યું કે તે વ્યક્તિના પોતાના સુખાકારીની બહાર આંતરિક સ્વ અને બાહ્ય વિશ્વ વચ્ચે જોડાણને પ્રોત્સાહન આપવા પર ભાર મૂકે છે. તેમણે એ પણ જાહેરાત કરી કે વડાપ્રધાને ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામીણ વિસ્તારોમાં યોગના પ્રસારને અને ગ્રામીણ વિસ્તારની ભાગીદારીને પ્રોત્સાહિત કરવા માટે દરેક ગામના વડાને પત્ર લખ્યો છે.

### યુએન મહેતા હોસ્પિટલમાં દાખલ કરાયા

# રાજય મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત નાદુરસ્ત

## ભીખુસિંહ ગુજરાત કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી છે

અમદાવાદ, તા.૧૯

રાજ્ય કક્ષાના મંત્રી ભીખુસિંહ પરમારની તબિયત લથડી હોવાના સમાચાર સામે આવ્યા છે. સૂત્રો પાસેથી મળતા સમાચાર મુજબ ભીખુસિંહ પરમારનું અચાનક બ્લડ પ્રેશર વધી જતાં તેમને તાત્કાલિક યુએન મહેતા હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. હાલ તેમની સારવાર ચાલી રહી છે.

ભીખુસિંહ પરમારની રાજકીય સફર સંઘર્ષમય રહી છે. ધારાસભ્ય બનવા માટે ૨૭ વર્ષ સુધી રાહ જોવી પડી હતી. ૧૯૯૫માં પ્રથમવાર મોડાસા બેઠક પરથી ચૂંટણી લડ્યા હતા પણ તેની હાર થઈ હતી. આ પછી વર્ષ ૨૦૦૨ની વિધાનસભાની ચૂંટણીમાં અપક્ષ તરીકે અને ૨૦૦૭માં બસપાની ટિકિટ પર મોડાસા બેઠક પરથી ધારાસભ્યની ચૂંટણીમાં ઝંપલાવ્યું હતું, પણ તેમાં પણ નસીબે સાથ ન આપતા ચૂંટણી હારી ગયા હતા. ત્યારબાદ ભાજપે ૨૦૧૭ની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ભીખુસિંહ પરમારને ટિકિટ આપી હતી, જો કે ૧૬૪૦ વોટના અંતરે હારી ગયા હતા. આ પછી ભાજપે ફરી ભીખુસિંહને જ ૨૦૨૨ની વિધાનસભાની ચૂંટણીમાં મોડાસા બેઠક પરથી ટિકિટ આપી હતી. આ વખતે તેઓ જીતીને ૨૭ વર્ષની રાજકીય સફરમાં પ્રથમ વખત ધારાસભ્ય બન્યા હતા. હાલ ભીખુસિંહ પરમાર ગુજરાત સરકારમાં કેબિનેટમાં રાજ્ય કક્ષાના મંત્રી અને અન્ન નાગરિક પુરવઠા વિભાગની જવાબદારી સંભાળી રહ્યા છે.

### હિટવેવની સીધી અસર શાકભાજીના વાવેતર પર પડી

# શાકભાજીમાં છૂટક બઝારમાં ૫૦ ટકાથી વધારે ભાવ વધારો

## રાજકોટ જિલ્લામાં ૮૦ ટકા શાકભાજી પંજાબ, મધ્યપ્રદેશ, યુપી, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી આવે છે

રાજકોટ, તા.૧૯

ચાલુ વર્ષે અસહ્ય ગરમીની અસર લોકોના આરોગ્ય સાથે ગૃહણીઓના આર્થિક બજેટ પર પણ પડી છે, જેમાં વાત કરીએ તો હિટવેવની અસર સમગ્ર દેશમાં થઈ છે અને હિટવેવની સીધી અસર શાકભાજીના વાવેતર પર પડી છે. આકરા તાપને કારણે મોટાભાગના રાજ્યોમાં શાકભાજી હજુ પાકે તે પૂર્વે જ બળી ગઈ અને જે બચી ગઈ તે અહીં લાવતા ટ્રાન્સપોર્ટેશનમાં સમય લાગવાને કારણે ગરમીથી બગડી જતા હોય છે.

રાજકોટ જિલ્લામાં હાલ ૮૦ ટકા શાકભાજી પંજાબ, મધ્યપ્રદેશ, યુપી, મહારાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાંથી આવે છે. જેમાં ટમેટાં, ભીંડો, આદુ, ગલકા, રીંગળ, ગુવાર, કોથમીર, અને બટેટા વગેરેનો સમાવેશ થાય છે. આ શાકભાજીમાં છૂટક બઝારમાં ૫૦ ટકાથી વધારે ભાવ વધારો નોંધાયો છે.

શાકભાજીમાં ભાવ વધારા અંગે ગૃહિણીઓમાં દેકારો બોલી ગયો છે. ગૃહિણીઓએ શાકભાજીના ભાવને શેરબજારના ભાવ સાથે સરખાવ્યા હતાં અને જણાવ્યું હતું કે અમો પેલા શાકભાજીની ખરીદીમાં બજેટમાં મેનેજ થઈ જતું હતું.

એટલે કે પહેલા જે ભાવે શાકભાજી મળતું તે અત્યારે સીધું ડબલ ભાવ થઈ ગયા છે. જેથી કરીને ૧૫ હજારના બજેટમાં પૂરું થઈ જતું તે હવે ૧૮થી ૨૦ હજારની આસપાસના બજેટમાં પૂરું થાય એટલે શાકભાજીના ભાવ વધવાથી ગૃહણીઓના બજેટ ઉપર પણ અસર થઈ છે. સાથે ગરમીના કારણે શાકભાજી પણ સારા નથી આવતા અને ભાવ પણ વધ્યો છે. અત્યારે તો અમો શાકભાજી ખરીદીમાં ગમે તેટલી કરકસર કરીએ તો પણ મહિનાના અંતે તો બજેટ ઉપર સીધી અસર પડે જેથી બાળકોના મોજશોખ ભૂલી તો જ જવાના.શાકભાજીના ભાવ અંગે હરાજી બજારના પ્રમુખ સાથે વાત કરતા ગરમીના કારણે શાકભાજી બળી જાય છે. જેથી ભાવો આસમાને પહોંચે છે. સાથે જ પહેલાના અને અત્યારે ભાવો માં ૪૦થી ૫૦ ટકાનો ફેર છે. પહેલા કરતા અત્યારે ૫૦ ટકા શાકભાજી મોંઘું છે. સાથે હજુ એકથી દોઢ મહિના સુધી આવા ભાવો યથાવત રહેશે, ત્યારબાદ શાકભાજીની આવક શરૂ થશે એટલે ભાવ કાબુમાં આવી જશે.

# ભૂરખિયા ખાતે લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી) દ્વારા નેત્રયજ્ઞ યોજાયો






લાયન્સ કલબ ઈન્ટરનેશનલના સાઈટ ફર્સ્ટ પ્રોજેકટ હેઠળ લાયન્સ કલબ ઓફ અમરેલી(સીટી), ભૂરખિયાહનુમાનજી ટ્રસ્ઠ તથા ભૂરખિયા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તેમજ રમાબેન અનિલભાઈ પારેખપરિવાર–મુંબઈના આર્થિક સહયોગ દ્વારા અને સુદર્શન નેત્રલાયનાસહયોગથી ૭૫મોવિનામૂલ્યે નેત્રનિદાનઅનેનેત્રમણીઆરોપણકેમ્પ ભૂરખિયા હનુમાનજી મંદિર મુકામે તા. ૧૯/૬/૨૦૨૪ને બુધવારે આયોજન કરવામાં આવેલ હતુ. નેત્ર નિદાન અને નેત્રમણી આરોપણ કેમ્પનું દીપપ્રાગટય ગોપાલભાઈ ચુડાસમાંઅનેકિશોરભાઈ શિરોયા દ્વારા કરવામાં આવેલ હતુ અને તેઓએ કેમ્પને શુભેચ્છાઓ પાઠવી હતી.આ કેમ્પમાંઆખંનાતમામરોગોની તપાસ નિષ્ણાંત ડોકટર ડો.દર્શિતભાઈ ગોસાઈદ્વારાકરવામાંઆવેલહતી.તેમજ જરૂરિયાતમંદ દર્દીઓને મોતિયાના ટાંકા વગરના ઓપરેશન કરી નૈત્રમણી આરોપણ કરી અપવામાં આવેલ હતા. તેમજનેત્ર જાણવણીઅનેજાગૃતિઅંગેની પત્રિકાનુપણઆજુબાજુનાગામડોઓમાં વિતરણકરવામાંઆવેલહતુ.આકેમ્પમાં ૮૮દર્દીઓએલાભાલીધોહતોઅને૨૩ દર્દીઓને અમરેલી સુદર્શન નેત્રાલયમાં લાવીનેત્રમણીઆરોપણકરવામાંઆવેલ હતુ.જરૂરિયાતમંદવ્યકિતઓનાઆંખના નંબર ચેક કરી ૨૧ વ્યકિતઓને ચશ્મા વિતરણ પણ કરવામાં આવેલ હતુ. આ કેમ્પનેસફળબનાવવામાટેલાયન્સકલબ ઓફ અમરેલી(સીટી)ના પ્રમુખ લાયન કિશોરભાઈ શિરોયા, લાયન એમ.એમ.પટેલ,લાયનસાહસઉપાધ્યાય તેમજ સુદર્શન નેત્રાલય તરફથી ડો. દર્શિતભાઈ ગોસાઈ, નિલેશભાઈ ભીલ, કમલેશભાઈ ધોરડાવગેરેઅનેતેમનીટીમ તેમજ ભૂરખિયા હનુમાનજી મંદિરના પ્રમખદુષ્યંતભાઈ પારેખ, અનિલભાઈ પારેખ, ટ્રસ્ટ અમરશીભાઈ પરમાર, જીતુભાઈ નિમાવત, સંચાલક ગોપાલભાઈ ચુડાસમા વગેરે દ્વારા જહેમતઉઠાવવામાંઆવેલહતી.તેમ લાયન્સ કલબ ઓફ અમરેલી (સીટી)નાસેક્રેટરીલાયનરૂજુલભાઈ ગોંડલીયાનીયાદીજણાવેછે.


પાના ૮ ઉપરનું ચાલું
## બગસરાનાં સફાઈકર્મીઓ

આ આંદોલનને વધુ ઉગ્ર સ્વરૂપ આપવામાં આવશે તેવું સફાઈ કામદારોનાપ્રમુખહસમુખભાઈ કુંભાર દ્વારા જણાવવામાં આવ્યું છે.

જયારે આજે બીજા દિવસે આરેલીયોજીશહેરનામુખ્યમાર્ગોપરથી પસાર થઈ પાલિકા કચેરી ખાતે સફાઈ કામદારો દ્વારા પાલિકા કચેરીખાતેધરણાં કરવામાં આવેલ હતા. જયારે તમામ સફાઈ કામદારો દ્વારા જય ભીમ તેમજ પાલિકાહાયહાયઅનેપ્રમુખતેમજચીફ ઓફિસરનીપણહાયહાયકરી નારાસાથે આ રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે પાલિકા ખાતે જવાબદાર અધિકારી હાજર ના હોવાથી સફાઈ કામદારોમાં નારાજગી જોવા મળી હતી. જયારે આજે જીતુભાઈ બારીયા ઓલ ગુજરાત સફાઈ કામદારના પ્રમુખ પણ હાજર રહ્યા હતા તેમનાં દ્વારા કહેવામાં આવેલ કે જો પાલિકા પ્રમુખ કે ચીફ ઓફિસર બે કલાકમાં હાજર નહિ થાય તો બગસરાથી અમરેલી જતો રોડ બ્લોક પણ કરવામાં આવશે. જયારે બે બે કલાક વિતી જવા છતાં પાલિકાપ્રમુખઅનેચીફ ઓફિસર હાજર ના થતાં ધીરજ ખૂંટતા સફાઈ કામદારો દ્વારા કહેવામાં આવેલ કે હજુ અડધી કલાક રાહ જોવામાં આવશે જો કોઈ નહિ આવે તો તાળાબંધી કરવામાં આવશે, તમામ રસ્તા બ્લોક કરવામાં આવશે તેમજ અમો અહીંયા ભીખ માંગવા નથી આવ્યા અમો અમારા હકક માટે આવ્યાં છીએ જયાં સુધી અમોને અમારા હકક નહિ મળે ત્યાં સુધી આ આંદોલન ચાલુ રાખવામાં આવશે અને દિવસેને દિવસે વધું ઉગ્ર સ્વરૂપ આપવામાં આવશે ત્યારે પાલિકા આ આંદોલન સહન કરવા તૈયાર રહેજો. મહા મુશિબતે ચીફ ઓફિસર આવતા તમામ કામદારોના પ્રશ્નને હલ કરી આપવામાં આવશે તેવું કહી સુખદ સમાધાન કર્યુ હતું.

આ બાબતે પાલિકા પ્રમુખ જયોત્સનાબેન રીબડીયા અનુસાર અમોએ સફાઈ કામદારોને પગાર તેમજ પેન્શન ચૂકવી આપેલ છે હવે ફકત મે માસનું બાકી છે અને બીજી જરૂરી માંગણીને પૂરી કરવા પાલિકા દ્વારા યોગ્ય કાર્યવાહિ કરવામાં આવી રહી છે. જયારે આ બાબતે પાલિકા દ્વારા કાયમી સફાઈ કર્મચારીને નોટીસ આપવામાં આવેલ છે કે શહેરમાં ગંદકીએ જોર પકડયું છે ત્યારે તમામ કાયમી સફાઈ કામદારો હાજર થઈ જાવ. પરંતુ આ નોટીસને કર્મચારીઓ સુધી સફાઈ યુનિયન દ્વારા પહોંચવા દીધી નથી જયારે પાલિકા દ્વારા નોટીસમાં સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે કે કોઈ પણ સફાઈ કામદારો હાજર નહિ થાય તો સંપૂર્ણ જવાબદારી સફાઈ કામદારોની રહેશે. પરંતુ આવી નોટીસને પણ સફાઈ કામદારો દ્વારા મચક આપવામાં આવેલ ના હતી અને આંદોલન ચાલુ રાખેલ હતું અને સફાઈ કામગીરી પણ બંધ જ રાખવામાં આવેલ હતી.

## જાફરાબાદનાં વઢેરામાં વેકિસનેશન કાર્યક્રમ યોજાયો


તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ તા. ૧૯

જાફરાબાદનાં વઢેરા ગામમાં ટી.ડી. અને ડીપીટી વેકસીનેશનનું આયોજન પ્રાથમિક શાળા તથા માધ્યમિક શાળામાં કરવામાં આવેલ હતુ. જેમા ૭૮ બાળકોને સફળ વેકસીનેશન કરાયું હતું.

આ વેકસિનેશનથી બાળકોની રોગપ્રતિકારક શકિત વધે છે અને બાળકો તંદુરસ્ત રહે છે.આ રસી ઝેરી કમળો મગજનો તાવ ટીબી તેમજ રુબેલામાં શરીરની રોગ પ્રતિકારક શકિત વધારે છે આમા સ્કુલના પ્રિન્સીપાલ તથા બાબરકોટ પીએચસીના સ્ટાફ સીએઓ ડોકટર રીતલબેન એફએચડબલ્યુ સ્ટાફ અને આરબીએસકે ની ટીમ દ્વારા આ રસી રસીકરનું સફળ આયોજન કરેલ છે.

પાના ૧ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લાનાં મોટાભાગનાં વિસ્તારોમાં

સાવરકુંડલા સહિતનાં ગ્રામ્ય વિસ્તારોમાં કયાંક અમી છાંટણા તો કયાંક ધોધમાર વરસાદ પડતા બાકી રહેતા વિસ્તારમાં પણ મેઘરાજાની પધરામણી થવાની સૌ રાહ જોઈ રહ્યાં છે. તેવા સમયે મેઘરાજાનું આગમન થતાં જગતાત ગણાતા ખેડૂતો અને સમગ્ર તંત્ર પણ ચિંતા અનુભવી રહ્યાં છે.

અમરેલી જિલ્લામાં છેલ્લા ૩ મહિનાથી કાળઝાળ ગરમી પડી રહી છે. પાણીના તળ ઊંડા ઉતર્યા છે તો ચેકડેમથી લઈને મહાકાય જળાશયોમાં પાણી ખાલી થઈ રહ્યાં છે. પીવાના પાણીની પણ ગ્રામ્ય વિસ્તારથી લઈને શહેરી વિસ્તારમાં શરૂ થઈ ચુકી છે. માત્ર નર્મદાનું પાણી સૌ કોઈ માટે જીવાદોરી બની રહ્યું છે. સતત પાણીની પણ માંગ વધી રહી છે.

બીજી તરફ હવામાન વિભાગ અને હવામાન શાસ્ત્રીઓ વરસાદ પડશે તેવું કહી રહ્યા છે. પરંતુ વાતાવરણ જોતા વરસાદનાં કોઈ એંધાણ જોવા મળતા નથી. ત્યારે વરૂણદેવ ઝડપથી રીઝે અને વરસાદ આવે તેવી પ્રાર્થનાઓ પણ શરૂ થવા જઈ રહી છે.

પાના ૮ ઉપરનું ચાલું
## રાજુલાનાં નાના મોભીયાણા ગામનાં

રોજ બપોરના સાડા પાંચેક વાગ્યાના અરસામાં મહુવાથી નાના મોભીયાણા ગામ તરફ પુરઝડપે જતાં હોય. તે દરમ્યાન ડુંડાસ ગામથી રામપરા ૧ તરફ જવાના રોડ ઉપર કોઈપણ આકસ્મિક રીતે મોટર સાયકલ પરનો કાબુ ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતાં ભદ્રેશદાન અંબાદાનભાઈ કુંચાલાને ગંભીર ઈજા થતાં સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલીનાં દેવરાજીયા ગામે

જંગલ કાંઠા વિસ્તારથી દૂર અમરેલી તાલુકાના દેવરાજીયા ગામે તરકતળાવ વચ્ચેની ગૌચર વિસ્તારમાં પશુઓ ચરાવતા માલધારી યુવક પર સિંહે હુમલો કરતાં ઈજાગ્રસ્ત માલધારીને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો છે.

આ બનાવમાં અમરેલી તાલુકાના દેવરાજીયા ગામે રહેતા ચોથાભાઈ ગેલાભાઈ પડસાલીયા નામના ૩૦ વર્ષીય યુવક આજે સવારે દેવરાજીયા ગામે આવેલ તરકતળાવ ગામના રોડ ઉપર આવેલ ગૌચર વિસ્તારમાં આજે સવારે પોતાના પશુઓ ચરાવતા હતા. ત્યારે અચાનક જ એક ડાલા ડાલામાથા સિંહે આવી અને અચાનક જ માલધારી યુવક પર હુમલો કરી પીઠ અને સાથળના ભાગે યુવકને ગંભીર ઈજા પહોંચાડી દેતા ઈજાગ્રસ્ત માલધારીને અમરેલી સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડાયો છે.

પાના ૧ ઉપરનું ચાલું
## જે વ્યકિત ૧૦૦ વૃક્ષ ઉછેરશે

પક્ષીઓનું અસ્તિત્વ જોખમમાં મુકાશે.

વધુમાં જણાવ્યું કે, હવે દેશનાં ૧૪૦ કરોડ નાગરિકો પૈકીનાં ૧૦૦ કરોડ નાગરિકો દર વર્ષે ઓછામાં ઓછા ૧૦ વૃક્ષો વાવે તો આગામી ૧૦ વર્ષમાં આપણે કરોડો વૃક્ષોથી ભારતની પવિત્ર ભૂમિને લીલીછમ્મ બનાવીને વસવાટ લાયક બનાવી શકીશું.

તેઓએ વધુમાં જણાવેલ છે કે, તેઓએ પર્યાવરણનાં હિતમાં તેઓ ૬૦માં જન્મ વર્ષ નિમિત્તે ૬૦ હજાર વૃક્ષોનું વાવેતર કરશે અને જે કોઈ વ્યકિત વૃક્ષોનું વાવેતર કરીને જતન અને ઉછેર કરશે તેને પ્રોત્સાહક ઈનામ અપાશે.

વધુમાં જણાવ્યું કે, વિવિધ પ્રકારનાં ફળો આપતાં અને જે ઘેઘુર બને અને ઊંચાઈ ધરાવે તેવા વૃક્ષનાં રોપાનું શરતોને આધીન વિતરણ કરાશે. જેમાં વૃક્ષારોપણનું માત્ર ફોટોસેશન કરાવે તેને રોપા અપાશે નહી અને વિનામૂલ્યે વિતરણ થયેલ રોપાનો જયાં ઉછેર થઈ રહ્યો હશે ત્યાં દર વર્ષે ગમે ત્યારે મુલાકાત લેવામાં આવશે અને વૃક્ષની ગણતરી કરાશે અને જે વ્યકિત ૫૦ વૃક્ષનો ઉછેર કરશે તેને ૫ હજાર અને ૧૦૦ વૃક્ષનો ઉછેર કરશે તેને ૧૦ હજાર ઈનામ અપાશે.

તેઓએ આંબા, જાંબુડા, સીતાફળ, જમરૂખડી, દાડમડી, ચીકુ, નારિયેળી, શેતુર, લાલ ચંદન, આફ્રિકન મૃર્ગની, લીંબી, સપ્તપર્ણી, કણજી, લીંબડા, પેલ્ટીકોટમ, આમળા, ગુલમહોર સહિતનાં રોપાનું ચમારડીનાં "રાધે ફાર્મ" ખાતેથી વિતરણ શરૂ કરી રહ્યા હોય સમગ્ર જિલ્લાની જનતાને પર્યાવરણ બચાવવાનાં અભિયાનમાં જોડાવવા અનુરોધ કરેલ છે.

પાના ૮ ઉપરનું ચાલું
## અમરેલી જિલ્લામાં મહિલાઓને

મહિલાઓ શાસન ચલાવે તો ભ્રષ્ટાચારનું પ્રમાણ ઘટે, મહિલાઓને ન્યાય મળે તેવું ઉમદા સ્વપ્ન સેવેલ.

પરંતુ આજે મહિલા અનામતનાં વર્ષો પસાર થયા બાદ પણ સ્વ. રાજીવ ગાંધીનું સ્વપ્ન સાકાર થયું નથી, આજે મહિલાઓ ગામ, તાલુકા અને જિલ્લા પંચાયત અને પાલિકા અને મહાનગરપાલિકામાં સદસ્યા તો બને છે, સરપંચ પણ બને, મેયર બને, તાલુકા, જિલ્લા પંચાયતમાં પ્રમુખ બને વિવિધ સમિતિનાં ચેરમેન બને, પાલિકામાં પણ પ્રમુખ કે ચેરમેનપદ મેળવે પણ મોટાભાગનાં કિસ્સામાં મહિલાઓને વહીવટ ચલાવવા દેવામાં આવતો નથી. મહિલાનાં પરિવારનાં પુત્ર, પતિ, પિતા અને કોઈ કુટુંબી પુરૂષ વહીવટ ચલાવતાં ખુલ્લેઆમ જોવા મળી રહ્યા છે.

ઉપરોકત બાબત મહિલાઓનાં સર્વાંગી વિકાસ માટે અવરોધક હોય સત્તાધારી અને વિપક્ષી રાજકીય પાર્ટીઓની મહિલાઓએ આ બાબતે એક થઈને રાજય અને કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત કરવી જરૂરી બની છે. તો જ ખરા અર્થમાં મહિલા સશકિતકરણ થશે અને જો મહિલાઓ જાગૃત નહી બને તો આગામી વર્ષોમાં વિધાનસભા કે લોકસભામાં મળનારી ૩૩ ટકા અનામતનો મહિલાઓ લાભ નહી મેળવી શકે.

અમરી જિલ્લામાં આપણે સૌ જોઈએ છીએ કે મહિલા પ્રમુખપદે હોય તો તેના પતિ સરકારી કચેરીમાં રૂઆબ કરતાં જોવા મળે છે અને આશ્ચર્યજનક બાબત એ છે કે અધિકારીઓની નજર સામે જ બધુ જ થતું હોવા છતાં એક પણ અધિકારી આ બાબતે કોઈ વિરોધ દર્શાવતા નથી.

રાજયનાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહિલા સશકિતકરણ માટે સરપંચથી લઈને જિલ્લા પંચાયત, પાલિકાથી લઈને મહાનગરપાલિકામાં મહિલાઓને બદલે અન્ય કોઈ પુરૂષ વહીવટ કરતાં હોય તો તેની સામે કડક કાર્યવાહી કરવી જરૂરી બની છે.


## શ્રી કુંકાવાવ નાગરિક શરાફી સહકારી મંડળી લી.

SHRI KUNKAVAV NAGARIK SHARAPHI SAHAKARI MANDALI LTD.

"SADAR PATEL SAHAKAR BHAVAN" MOTI KUKAVAV, TA. KUKAVAV, DIS. AMRELI

(રજી.નો.નં.સે.શં. ૨૯૮૦૨, તા.૧/૧૦/૯૭)

:: વાર્ષિક સાધારણ સભા ::

આથી આપણી મંડળીના દરેક સભાસદોને જણાવવામાં આવે છે કે આપણી મંડળીની ૨૭ મી વાર્ષિક સાધારણ સભા તા.૨૭/૬/૨૦૨૪ને ગુરૂવારના રોજ શ્રી વાવડીરોડ પટેલ સમાજની વાડીમાં મુ. વાવડીરોડ ખાતે બપોરનાં ૫:૩૦ કલાકે મળશે. તો દરેક સભાદરશ્રીઓએ હાજરી આપવા વિનંતી

:: કાર્યસુચી ::

૧. સભાના અધ્યક્ષની વરણી કરવા બાબત.
૨. ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહી વંચાણે લેવા બાબત.
૩. વાર્ષિક હિસાબો–તારીજ નફા નુકશાન ખાતુ તથા સરવૈયુ વંચાણે લઈ નફાની ફાળવણી કરવા કરવા બાબત.
૪. બહારથી કર્જ કરવાની હદ નકકી કરવા બાબત.
૫. સભાસદોને આપવાની લોનનાં નિયમો નકકી કરવા બાબત.
૬. ઓડીટ મેમો વંચાણે લઈ મંજુર કરવા બાબત.
૭. પેટા નિયમ કલમ ૪(૫), ૧૫(૧૫) કલમનો ઉમરો તથા ૧૭(૫)
૮. વર્ષ ૨૦૨૪/૨૫નું અંદાજ પત્ર રજુ કરવા બાબત.
૯. વ્ય. કમીટીનાં ભાડા ભથ્થા નકકી કરવા બાબાત.
૧૦. વર્ષ દરમ્યાન વ્ય.કમીટીએ કરેલ કામગીરીને મંજુર કરવા બાબત.
૧૧. પ્રમુખ સ્થાનેથી મંડળીના હિતમાં અન્ય કાંઈ રજુ થાય તે.

મેનેજર
(મનીષ બી. ભેસાણીયા)
શ્રી કુંકાવાવ ના.શ.સ.મં.લી.


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૨૮૧ | ૧૪૯૫ |
| ૨ | મગફળી | ૧૦૭૦ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૧૧૯૫ | ૧૩૦૫ |
| ૪ | જીરૂ | ૪૬૨૫ | ૫૩૮૫ |
| ૫ | ઘઉં | ૪૭૭ | ૫૪૩ |
| ૬ | તલ સફેદ | ૨૩૮૫ | ૨૪૨૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૯૦૦ | ૧૧૮૦ |
| ૨ | શિંગ મોટી | ૧૦૦૦ | ૧૧૮૧ |
| ૩ | શિંગદાણા | ૧૪૯૫ | ૧૭૮૦ |
| ૪ | શીંગદાણા ફાડા | ૧૨૩૦ | ૧૬૦૨ |
| ૫ | તલ સફેદ | ૧૮૦૦ | ૨૯૫૦ |
| ૬ | તલ કાળા | ૨૫૦૦ | ૩૩૦૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૯૦૦ | ૩૦૩૧ |
| ૮ | બાજરો | ૩૮૦ | ૪૫૫ |
| ૯ | જુવાર | ૪૧૫ | ૯૨૨ |
| ૧૦ | ઘંઉ ટુકડા | ૪૮૯ | ૫૭૩ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૬૪ | ૫૬૬ |
| ૧૨ | મગ | ૧૪૨૭ | ૧૬૨૫ |
| ૧૩ | અડદ | ૧૪૨૫ | ૧૮૨૦ |
| ૧૪ | ચણા | ૧૧૫૧ | ૧૩૧૭ |
| ૧૫ | ચણા દેશી | ૧૩૭૧ | ૧૩૭૧ |
| ૧૬ | તુવેર | ૧૭૭૦ | ૨૨૯૫ |
| ૧૭ | કપાસ | ૮૮૦ | ૧૪૭૪ |
| ૧૮ | એરંડા | ૯૫૨ | ૧૦૫૨ |
| ૧૯ | જીરૂ | ૩૨૧૦ | ૫૩૫૦ |
| ૨૦ | રાયડો | ૭૮૦ | ૧૦૦૦ |
| ૨૧ | ઈસબગુલ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| ૨૨ | ગમ ગુવાર | ૧૦૦૧ | ૧૦૦૧ |
| ૨૩ | ધાણા | ૮૦૦ | ૧૬૦૧ |
| ૨૪ | મેથી | ૧૦૯૭ | ૧૦૯૭ |
| ૨૫ | સોયાબીન | ૮૦૦ | ૮૭૦ |
| ૨૬ | રજકાનું બી | ૪૫૮૦ | ૪૫૮૦ |
| ૨૭ | વરીયાળી | ૧૨૯૦ | ૧૨૯૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૧ | ૧૩૦૦ |
| ૨ | જુવાર સફેદ | ૮૫૧ | ૮૬૧ |
| ૩ | બાજરો | ૪૯૦ | ૪૯૦ |
| ૪ | મેથી | ૧૦૮૦ | ૧૦૮૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૦૦ | ૧૨૫૦ |
| ૨ | શીંગ મોટી | ૧૧૫૧ | ૧૨૬૧ |
| ૩ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૬૫૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૨૦૦ |
| ૬ | જીરૂ | ૪૬૦૦ | ૫૪૯૦ |
| ૭ | કપાસ | ૧૩૧૦ | ૧૪૭૮ |
| ૮ | ઘઉં લોકવન | ૪૭૦ | ૫૬૮ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૭૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૬૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૮૩૨ |
| ૧૨ | મકાઈ | ૪૦૦ | ૫૫૦ |
| ૧૩ | મગ | ૧૫૦૦ | ૧૬૪૩ |
| ૧૪ | ચણા | ૧૨૦૦ | ૧૩૩૦ |
| ૧૫ | દેશી ચણા | ૧૨૦૦ | ૧૪૪૦ |
| ૧૬ | તુવેર | ૧૮૦૦ | ૨૦૦૦ |
| ૧૭ | એરંડી | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૮ | મેથી | ૧૦૦૦ | ૧૧૩૦ |
| ૧૯ | ધાણા | ૧૨૦૦ | ૧૩૦૦ |
| ૨૦ | સોયાબીન | ૮૦૦ | ૮૩૫ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૮૬૦ | ૧૩૭૦ |
| ૨ | ઘઉ | ૪૪૬ | ૫૧૧ |
| ૩ | ચણા | ૧૨૦૦ | ૧૨૨૫ |
| ૪ | મગ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૫ | તલ | ૨૩૬૫ | ૨૩૬૫ |
| ૬ | શીંગ ફાડા | ૧૨૯૦ | ૧૫૫૦ |
| ૭ | શીંગ દાણા | ૧૫૮૫ | ૧૮૦૧ |
| ૮ | વાલ | ૧૭૦૦ | ૧૭૦૦ |
| ૯ | જુવાર | ૫૨૬ | ૬૪૯ |
| ૧૦ | સોયાબીન | ૮૪૦ | ૮૪૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૨ | ચણા | ૯૫૦ | ૧૨૮૭ |
| ૩ | ધાણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૦૦ |
| ૬ | જુવાર | ૭૭૦ | ૭૭૦ |
| ૭ | તલસફેદ | ૧૩૪૫ | ૨૫૧૨ |
| ૮ | શીગફાડા | ૧૪૨૦ | ૧૪૨૦ |
| ૯ | સોયાબીન | ૭૦૦ | ૮૫૧ |
| ૧૦ | મગ | ૧૩૫૦ | ૧૬૦૦ |
| ૧૧ | રાય | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | મગફળી | ૧૦૦૦ | ૧૦૮૨ |
| ૧૩ | તુવેર | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૧૪ | અડદ | ૧૩૦૦ | ૧૭૪૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૦૭૨ | ૧૫૨૦ |
| ૧૬ | તલ કાળા | ૩૦૨૫ | ૩૦૨૫ |
| ૧૭ | મકાઈ | ૩૯૫ | ૩૯૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૦૦ | ૧૧૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૭૦ |
| ૩ | તલ કાળા | ૩૧૭૬ | ૩૧૭૬ |
| ૪ | તલ પીળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૫ | કપાસ | ૯૦૧ | ૧૪૪૬ |
| ૬ | બાજરો | ૪૦૮ | ૪૮૪ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૬૫ | ૬૦૧ |
| ૮ | જુવાર | ૫૫૫ | ૮૮૫ |
| ૯ | મકાઈ | ૪૨૫ | ૪૨૫ |
| ૧૦ | મગ | ૧૬૨૫ | ૧૬૨૫ |
| ૧૧ | મેથી | ૯૯૧ | ૯૯૧ |
| ૧૨ | અડદ | ૧૮૦૧ | ૧૮૦૧ |
| ૧૩ | ચણા | ૮૦૦ | ૧૩૮૦ |
| ૧૪ | કાંગ | ૮૭૨ | ૮૭૨ |
| ૧૫ | સોયાબીન | ૮૫૧ | ૮૫૧ |

## દેશની અર્ધોઅર્ધ જનસંખ્યાને રોજિંદા ખર્ચની આવક રળવી મુશ્કેલ


# દેશમાં અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ ચિંતાજનક રીતે વધી રહી છે

**રાજય અને કેન્દ્ર સરકારે ૭ કામ પડતા મુકીને અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ બુરવી જરૂરી**

**એક તરફ અમીરોની જાહોજલાલી અને બીજી તરફ કરૂણ ગરીબી જોવા મળી રહી છે**

**અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ વધતી રહેશે તો દેશનું ભવિષ્ય જોખમાશે**

**દેશને આજે મહાત્માં ગાંધી, સરદાર પટેલ, લાલ બહાદુર શાસ્ત્રી સહિતના મહાનુભાવોનાં આદર્શને અનુસરવું જરૂરી**



અમરેલી, તા.૧૯

ભારત દેશમાં છેલ્લા ૩૦ વર્ષથી ક્રમશઃ અમીર અને ગરીબ વચ્ચેની ખાઈ વધુને વધુ ઉંડી ઉતરતી રહી છે. જે દેશનાં ભવિષ્ય માટે અતિ નુકસાન કારક છે. કારણ કે એક અમીર પરિવાર પાસે તમામ ખાદ્ય સામગ્રી ઘર વખરી, કાર, બંગલો, બેન્ક બેલેન્સ છે. તો બીજી તરફ કરોડો ગરીબ પરિવારને પેટ ભરવા કે તેમનું અંગ ઢાંકવાનાં કપડાનાં પણ ફાંફા હોય આ દ્રશ્ય નિહાળીને દેશપ્રેમીઓનું માથું શરમથી ઝુંકી જાય છે.

દેશમાં જે રીતે મુડીવાદ વધી રહયો છે. તેને લઈને ભ્રષ્ટાચાર હદ વટાવી દીધી છે. દેશનાં શાસકો, માથાભારે શખ્સો, બિલડરો કોર્પોરેટ જગતનાં માંધાતાઓ અને ભ્રષ્ટ અધિકારીઓની જુગલબંધી બરાબર જામી છે. 'નાણા વગર નો નાથિયો''અને નાણે નાથાલાલ'' જેવો સર્વત્ર માહોલ જોવા મળી રહ્યો છે.

દેશનાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વર્ષ ૨૦૧૩-૧૪માં લોકસભાના ચુંટણી દરમિયાન અવાર-નવાર એવું કહેતા હતાં કે ''સરકાર ગરીબો કે લિયે'' હોતી હે, પરંતુ, તેઓ પ્રધાનમંત્રી બન્યા બાદ તેમની સરકાર ''અમીરો કે લિયે'' હોય તેવો આક્ષેપ વિપક્ષી નેતાઓ ખાસ કરીને રાહુલ ગાંધી કરતાં રહ્યાં છે.

આજે એક અમીર પરિવાર જાહોજલાલીમાં જીવન, પસાર કરે, તેમનાં બાળકોને શ્રેષ્ઠ ખોરાક, કપડા, રહેણાંક, શિક્ષણ, આરોગ્ય મળે અને બીજી તરફ ગરીબ પરિવારોની બાળકોને ભોજન પણ મળે તો તેવી દશાનાં દેશનાં વિકાસ માટે યોગ્ય નથી. અને ભવિષ્યમાં ગરીબો આક્રમક મિજાજમાં આવી જશે. તો અમીરો માટે મુશ્કેલી ઉભી થશે.

દેશને આજે મહાત્માં ગાંધી, સરદાર પટેલ, લાલબહાદુર શાસ્ત્રી જેવા મહાનુભાવોનાં આદર્શોને આધારે આગળ વધવું પડશે. મુડીવાદને તિલાંજલિ આપીને દેશનાં કરોડો ગરીબ પરિવારોને તમામ સુવિધા મળી રહે તે માટે યોજનાઓ કાર્યરત કરવી કરવી અન્યંત જરૂરી બની છે.

---

### સુરત સ્થિત વતનપ્રેમીઓ દ્વારા

## ધારીનાં ગોવિંદપુર ગામે તેજસ્વી તારલાઓનું સન્માન કરવામાં આવ્યું

**કલાસ-વન અને ટુ અધિકારીનું પણ થયું સન્માન**

અમરેલી, તા.૧૯

ધારી તાલુકાનું ગોવિંદપુર ગામના રહેવાસીઓ હાલ સુરત સ્થિત ગોવિંદપુરના ગ્રામજનોનો એક સ્નેહમિલન કાર્યક્રમ ગત તા.૧૬ ના રોજ અંદાજે ૭૦૦ ગ્રામજનોની હાજરીમાં તેજસ્વી તારલાઓનું સન્માન કરી પ્રોત્સાહિત કરવામાં આવેલ હતું. ગામના યુવાનોએ કલાસ-૧, કલાસ-૨માં સ્થાન મેળવનારનું અગ્રણીઓ દ્વારા સન્માન કરવામાં આવેલ હતું. ગોવિંદપુર ગામમાં જરૂરિયાતમંદ લોકો માટે ટીફીન સેવા શરૂ કરવામાં સુરત યુવક મંડળનો મોટો ફાળો છે. સમારંભના અધ્યક્ષ સ્થાને મેની એજયુકેશન સ્કૂલના જીતુભાઈ સોજીત્રા ઉપસ્થિત રહેલ હતા. સર્વ ગ્રામજનો અને યુવાનોને જણાવેલ કે શિક્ષણ એ જ વિકાસની ત્રીજી આંખ છે. શિક્ષણ વગર આ વિકસતા યુગમાં કોઈ જગ્યાએ સ્થાન નથી. તમારા સંતાનોને ભણતર સાથે ગણતરનું સામાજિક જ્ઞાન આપશો. સંપતી સાથે સમજણ અને કોઈપણ




સમયમાં સહન કરવાની શક્તિ કેળવવાની સમજણ આપશો. કમાણી કર્યા પછી બચત કરવાની ટેવ પાડજો, કોરોના કાળ જોઈ લીધો. માણસને કયારે કેવો સમય આવે તેની કોઈને ખબર નથી. માટે આ બધા ગુણો કેળવવાની જરૂર છે. આપણે સુખી છીએ તો આપણું કુંટુંબ સબંધીઓ અન્ય સાથે રહેતા માણસો માટે પણ દયા ભાવના રાખવા અંગે પણ સમજણ આપી હતી. સર્વ ગ્રામજનો આવી રીતે ગામના વિકાસના કામમાં સહકાર બદલ આભાર માનેલ હતો. આ સાથે મંડળના અગ્રણીઓ, મહેશભાઈ નાકરાણી, અશ્વિનભાઈ ઉમરેટીયા, સંજયભાઈ સતાસીયા અરવિંદભાઈ સતાસીયા કેયુરભાઈ સતાસીયા અન્ય દાતાઓં હાજર રહેલ ગોવિંદપુર ગામમાં વરસો સુધી ગામમાં શિક્ષક તરીકે ફરજ બજાવી ગ્રામગુરૂ વલ્લભભાઈ રામાણીએ આ સંમેલનને શુભેચ્છા પાઠવતા જણાવેલ કે વતનથી દુર ગ્રામજનો એક થઈને સુખ, દુઃખમાં ભાગ લઈ સાથે રહે છે તે આંનદની વાત છે ગામમાં યુવાનો શિક્ષણ અને સંસ્કારને પ્રાધાન્ય આપી સેવાકીય પ્રવૃત્તિ કરે છે તેમ અંતમાં જણાવેલ હતું.

---

### કેન્સરગ્રસ્ત હોય એવા વડીલોને પણ પ્રવેશ મળશે

## રાજકોટનાં સદભાવના વૃધ્ધાશ્રમને નિઃસંતાન, નિરાધાર માવતર જોઈએ છે

**વર્તમાન સમયમાં ૫૫૦ જેટલા માવતરોને આશ્રય**

અમરેલી, તા. ૧૯

વૃધ્ધાશ્રમ એ ભારતીય સંસ્કૃતિ નથી જ પરંતુ આજનાં કળીયુગની જરૂરીયાત તો છે જ કમનસીબે સંયુક કુટુંબ વ્યવસ્થા તુટતા જતા ઘણા વ્યકિતઓ નિરાઘાર બનતા જાય છે. માનવ સેવા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા છેલ્લા આઠ વર્ષથી સદભાવના વૃધ્ધાશ્રમ ચલાવવામાં આવે છે. આ વૃધ્ધાશ્રમમાં નાત-જાત કે ધર્મના ભેદભાવ વિના જરૂરીયાતવાળા વૃધ્ધોને, નિયમાનુસાર અને સંસ્થાની પ્રવેશ મર્યાદામાં, આદરભર દાખલ કરી તમામ સુવિધાઓ વિનામુલ્યે આપવામાં આવે છે.

વૃધ્ધાશ્રમમાં દાખલ થતા જરૂરીયાતમંદ વૃધ્ધ વ્યકિતઓ પાસેથી કોઈપણ ફી, ચાર્જ કે લવાજમ લેવામાં આવતું નથી. તમામ સુવિધાઓ વડીલોને વિનામુલ્યે આપવામાં આવે છે. ગુજરાતનાં સૈથી મોટા આ વૃપ્રધાશ્રમમાં હાલ ૫૫૦ જેટલા માવતરો પોતાની પાછોતરી જીંદગીની ટાઢક લઈ રહયાં છે. તેમાંથી ૧૮૦ વડીલો પથારીવશ (ડાઈપર વાળા) છે. સાવ પથારીવશ વ્યકિઓ (કોઈપણ ઉંમરના) કે જેની સેવા ચાકરી કરવાવાળું પણ કોઈ ન હોય, એકલવાયી- નિરાધાર હાલતમાં પોતાનુ જીવન વ્યતિત કરતા હોય કે પોતાની પીડાને લઈને દરરોજ મૃત્યુ વહેલુ આવે તેવી કમનસીબ પ્રાર્થના કરતા હોય તેવા વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં), કેન્સરગ્રસ્ત નિઃસંતાન વડીલો માટે સદભાવના વૃપ્રધાશ્રમમાં વિશેષ વિભાગ શરૂ કરવામાં આવ્યો છે. આવા નિઃસંતાન, પથારીવશ વ્યક્તિઓ (કોઈપણ ઉંમરનાં)ને પણ સદભાવના વૃધ્ધાશ્રમ પોતાની ફરજનાં ભાગરૂપે નિઃશુલ્ક આશ્રય અપાઈ રહયો છે. યથાશકિ સેવા કરાઈ રહી છે. પોતાની આસપાસમાં કોઈ નિરાધાર કે નિઃસહાય, પથારીવશ, કોમામાં, કેન્સરગ્રસ્ત હોય એવા વડીલો તેમજ કોમામાં રહેલા કોઈ પણ ઉંમરનાં વ્યકિઓને જોવા મળે તો તેમને સદભાવના વૃપ્રધાશ્રમ, રાજકોટ સુધી પહોંચાડવા જાહેર વિનંતી કરાઈ છે.આ અંગે વધુ માહિતી માટે સદભાવના વૃદ્ધાશ્રમ (મો. ૮૦૦૦૨ ૮૮૮૮૮) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

---

### વેપારી મહામંડળ અને રોટરી કલબ(ગીર)નાં સહયોગથી

## અમરેલીની સહકારી આયુર્વેદીક હોસ્પિટલમાં યોગ સપ્તાહનો ઉત્સાહભેર પ્રારંભ થયો

**નગરજનોને યોગ સપ્તાહમાં જોડાવવા અનુરોધ થયો**

અમરેલી, તા.૧૯

સરકારી આયુર્વેદિક વેપારી મહામંડળ તથા રોટરી કલબ ઓફ અમરેલી ગીરના સંયુકત ઉપક્રમે દસમા વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂણે યોગ સપ્તાહ ૨૦૨૪નું આયોજન તારીખ ૧૯/૦૬/૨૦૨૪થી ૨૫/૦૬/૨૦૨૪ સુધી સવારે ૬ઃ૦૦ વાગ્યાથી ૮ઃ૦૦ વાગ્યા સુધી સરકારી આયુર્વેદિક હોસ્પિટલના ગ્રાઉન્ડમાં કરવામાં આવ્યુ છે. છેલ્લા ૯ વર્ષથી નગરજનો દ્વારા મળી રહેલા અવિરત સાથસહકાર થકી આ વર્ષે પણ એ જ દિવ્ય અનુભૂતિ સાથે, એ જ વનરાઈ વચ્ચે, એ જ પક્ષીઓનુ શું મધુર કલરવ સાથે યોગસપ્તાહનું આયોજન કરેલ છે. જેમાં અમરેલી જિલ્લાના નિષ્ણાંત યોગગુરૂ દ્વારા યોગ કરવામાં આવે છે. આ યોગ સપ્તાહ ૨૦૨૪ના મુખ્ય સ્પોન્સર નીલકંઠ જવેલર્સ લાઠીવાળા તથા કો સ્પોંન્સર મનીષભાઈ ભટ(સદગુરૂ ઈન્વેસ્ટમેન્ટ) તથા હકીમી ગ્લા ટ્રેડર્સ દ્વારા આ સેવા કાર્યને સફળ




બનાવવા યોગદાન મળેલ છે. કાર્યક્રમ્ની પૂર્ણાહૂતિ બાદ અલ્પહારની પણ વ્યવસ્થા રાખેલ છે. તો આ નગરજનોને આનો લાભ અનુરોધ કરવામાં આવેલ છે.

---

## મહેસાણાની ૧૫ સ્કૂલોમાં તપાસ ૧૪માં ફાયર સેફ્ટી NOCછે

મહેસાણા, તા.૧૯

મહેસાણા ફાયર વિભાગની ટીમોએ શહેરની ફાયર NOC લેવાપાત્ર હોય તેવી ૧૫ સ્કૂલોમાં ફાયર સેફ્ટી અંગેની તપાસ હાથ ધરી હતી. જે પૈકી ૧૪ સ્કૂલોમાં ફાયર સેફ્ટી સુવિધા અને ફાયર વિભાગનું NOC હતું, જ્યારે એક સ્કૂલમાં NOC ન હોવાથી પ્રાદેશિક કચેરીમાં રિપોર્ટ કરાશે.રાજકોટમાં સર્જાયેલા અગ્નિકાંડ બાદ રાજ્યભરમાં ફાયર સેફ્ટી સહિતની સુવિધાઓની તપાસ હાથ ધરાઈ હતી. મહેસાણા પાલિકાની ફાયર શાખાની ટીમોએ હોસ્પિટલો, મોલ, ટ્યુશન કલાસીસ, હોટલ, રેસ્ટોરન્ટ, શોપિંગ કોમ્પલેક્સ વગેરેમાં તપાસ કર્યા બાદ હવે સ્કૂલો શરૂ થતાં સ્કૂલોમાં તપાસ કરી હતી. જેમાં ૯ મીટર કે તેથી વધુ ઉંચાઈની સ્કૂલો જેઓ NOC લેવા પાત્ર છે તેવી ૧૫ સ્કૂલોની તપાસ કરાઈ હતી. જેમાં ૧૪ સ્કૂલોમાં જરૂરી ફાયર સેફ્ટી સુવિધા જોવા મળી હતી અને તેમણે NOC પણ રજૂ કર્યાં હતાં. જ્યારે મોઢેરા રોડ પરની એમ.બી.હાઈસ્કૂલમાં માત્ર ફાયર એસ્ટીંગ્યુશર લગાવેલાં હતાં અને તેમની પાસે NOC પણ નહોતું.

---

## રાજકોટમાં ગરમીની ઋતુમાં રોગચાળા વધ્યા

રાજકોટ, તા.૧૯

રાજકોટમાં ગરમીની ઋતુમાં વધ્યો રોગચાળો. આ સપ્તાહમાં જ તાવ,શરદી અને ઉધરસના ૧૩૯૮ કેસ નોંધાયા. જેમાંથી શરદી-ઉધરસના ૬૬૧ કેસ અને સામાન્ય તાવના ૪૪૯ કેસ જયારે ઝાડા ઊલટીના ૨૮૮ કેસ નોંધાયા. વધતા રોગચાળાને લઈને પ્રશાસને તકેદારીના ભાગરૂપે ફોગીંગની કામગીરી હાથ ધરી. અત્યારસુધી કુલ ૩૪૧ ઘરમાં ફોગીગની કામ કરવામાં આવી.

રાજ્યમાં હજુ ચોમાસું દસ્તક દઈ રહ્યું છે. અનેક સ્થાનો પર હળવાથી લઈને મધ્યમ વરસાદ જોવા મળ્યો. વરસાદના આગમન સાથે જ ગરમીની વચ્ચે રોગચાળો જોવા મળ્યો. હજુ વરસાદ જામ્યો નથી ત્યાં બીમારીના કેસ વધવા લાગ્યા છે. રાજકોટમાં વરસાદના આરંભ સાથે જ સામાન્ય સ્વાસ્થ્ય સમસ્યા જેવા શરદી ઉધરસ અને તાવના ૧૦૦૦થી વધુ કેસ નોંધાયા. સામાન્ય રીતો ચોમાસા દરમ્યાન ટાઈફોઈડ, મેલેરીયા, ચીકગુનિયાની બીમારીમાં વધારો થતો હોય છે. આ સિવાય ઝાડા-ઉલટી અને પાણીજન્ય રોગો પણ વધતા હોય છે. બદલાતા હવામાનને લઈને લોકોના સ્વાસ્થ્યમાં પણ ફેરફાર થયો છે. અત્યારે લોકો બહારની ગરમી અને ઘર અને ઓફિસમાં એસીના કારણે ઠંડક તેમજ ચોમાસના એંધાણના કારણે બફારાનું અનુભવ કરી રહ્યા છે. આમ ત્રણ પ્રકારના તાપમાનમાં રહેતા લોકોની તબિયત બગડવા લાગી છે. સાથે આજકાલ બહારના ખોરાક વધુ હાનિકારક બનતા લોકો તાવ જેવી સામાન્ય બીમારીનો ભોગ બની રહ્યા છે. શહેરમાં તાવ, શરદી અને ઉધરસના કેસો વધતા પાલિકા દ્વારા ઘરોમાં ફોગીંગ કરવાની કામગીરી હાથ ધરાઈ.

---

# અમરેલી ખાતે શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સરકારી મંડળીને શુભેચ્છા પાઠવાઈ






અમરેલી ખાતે જૂના માર્કેટ યાર્ડ પરિસરમાં પંચનાથ મહાદેવ સમક્ષ મોરપિચ્છની જેમ શોભાયમાન શ્રી સૌરાષ્ટ્ર નાગરિક શરાફી સહકારી મંડળી લિ.બગસરાની અમરેલી શાખાની નૂતન અને નમૂનેદાર ઓફિસના પ્રારંભ પ્રસંગે સંસ્થાપક ચેરમેન અનિલભાઈ વેકરિયા તેમજ વાઈસ ચેરમેન દિવ્યેશ વેકરિયાને શુભેચ્છા પાઠવતા અમરેલી એકસપ્રેસ દૈનિકના તંત્રી મનોજભાઈ રૂપારેલ, જીલ્લા ભાજપના કોષધ્યક્ષ દિપકભાઈ વઘાસિયા (સંચાલક, શ્રીજી વિદ્યાર્થી ભુવન), સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ મુકુંદભાઈ મહેતા તેમજ સંવેદન ગૃપના પ્રમુખ વિપુલ ભટ્ટી.




## સરપંચ, તાલુકા સદસ્યા કે જિલ્લા સદસ્યાનાં પરિવારોનાં પુરૂષો મોટાભાગે વહીવટ ચલાવતા હોય

# અમરેલી જિલ્લામાં મહિલાઓને પંચાયતી સંસ્થામાં છુટોદોર મળતો નથી

**સ્થાનિક સ્વરાજયની સંસ્થામાં ૩૩ ટકા બેઠકો અનામત હોય તેનો લાભ મહિલાઓને અનેક કિસ્સામાં મળતો નથી**

**આગામી વર્ષોમાં ધારાસભા અને લોકસભામાં પણ ૩૩ ટકા બેઠકો મહિલાઓ માટે અનામત થવાની છે**

**જયાં સુધી મહિલાઓને શાસન ચલાવવા માટેનો છુટોદોર આપવામાં નહી આવે ત્યાં સુધી અનામતનો કોઈ મત્તલબ નથી**

**છેલ્લા ૪ દાયકાથી મહિલાઓ માટે અનામત બેઠકો છતાં મોટાભાગની મહિલાઓને શાસનમાં ભાગીદાર બનાવાતી નથી**

અમરેલી, તા. ૧૯

અમરેલીજિલ્લાનીસ્થાનિક સ્વરાજયની ગણાતી ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત કે પાલિકાઅનેમહાનગરપાલિકામાં ૩૩ બેઠકો મહિલાઓ માટે અનામત બેઠક હોયછે.તોપ્રમુખપદપણમહિલાઓને નિયમ પ્રમાણે મળતું હોય છે. પરંતુ મોટાભાગનીમહિલાઓનેબદલેતેમનો પતિ, પુત્ર કે પિતા કે પરિવારનાં અન્ય કોઈ પુરૂષ મહિલાનાં નામે વહીવટ ચલાવતા જોવા મળતાં હોય મહિલાઓનાં સશકિતકરણ કાર્યક્રમને જબ્બરોફટકોપડીરહ્યોછે.

દેશનાંટેકનોક્રેટપ્રધાનમંત્રી સ્વ.રાજીવગાંધીએઆજથી૩૮–૪૦ વર્ષ પહેલાદેશનીસ્થાનિકસ્વરાજયની તમામસંસ્થઓમાંમહિલાઓમાટે ૩૩ ટકાબેઠકોઅનામતરાખીનેદેશનીઅર્ધો અર્ધજનસંખ્યામહિલાઓનીહોયજેથી

અનુસંધાન પાના ૬ ઉપર

### પોતાના ભાઈ સાથે મહુવાથી પરત ફરતા હોય

## રાજુલાનાં નાના મોભીયાણા ગામનાં યુવક બાઈક સ્લીપ થતાં મોતને ભેટયા

**નાના એવા ગામમાં અરેરાટીનો માહોલ ઉભો થયો**

અમરેલી, તા. ૧૯

રાજુલા તાલુકાના નાના મોભીયાણા ગામે રહેતા ભાવેશભાઈ અંબાદાનભાઈ કુંચાલા નામનાં ૨૭ વર્ષિય યુવક તથા તેમના ભાઈ તે જ ગામે રહેતા ભદ્રેશદાન અંબાદાનભાઈ કુંચાલા (ઉ.વ. ૨૪) બન્ને પોતાના હવાલાનું મોટરસાયકલ ચલાવી ગત તા.૧૩ના

અનુસંધાન પાના ૬ ઉપર

### વનકર્મીઓને ખબર જ નથી કે રાજા પશુઓ કયાં ફરે છે

## અમરેલીનાં દેવરાજીયા ગામે પશુઓ ચરાવતાં માલધારી યુવક ઉપર સિંહે કર્યો હુમલો

**ઈજાગ્રસ્ત યુવકને સારવારમાં ખસેડવામાં આવ્યા**

અમરેલી, તા. ૧૯

જંગલ છોડી હવે વન્ય પ્રાણીઓ માનવ વસ્તી તરફ વળી રહયા છે. ત્યારે વનવિભાગની બેદરકારીને લઈ લોકો ઉપર તો જીવનું જોખમ છે. સાથોસાથ દુધાળા પશુ અને ખુદ વન્ય પ્રાણીઓ ઉપર જોખમ ઉભું થાય છે. ત્યારે

અનુસંધાન પાના ૬ ઉપર




### જુગારીઓ ગમે તે સ્થળે પટ્ટ માંડે તે નક્કી

## લ્યો બોલો : રાજુલાનાં કડીયાળી ગામે સ્મશાનની બાજુમાંથી પત્તાપ્રેમીઓ ઝડપાયા

**પોલીસે પાંચ પત્તાપ્રેમીઓની અટકાયત કરી**

અમરેલી, તા. ૧૯

અમરેલી પોલીસ અધિક્ષક હિમકરસિંહે જુગારના કેસો શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના આપેલ હોય તેમજ સાવરકુંડલા વિભાગ સાવરકુંડલા મદદનીશ પોલીસ અધિક્ષક વલય વૈધના માર્ગદર્શન નીચે રાજુલા તાલુકાના કડીયાળી ગામના સ્મશાન પાસે બાલાભાઈ ભાણાભાઈ બારૈયા સહિત પાંચ ઈસમો જાહેરમાં ગંજીપત્તાનાં પાના તથા પૈસા વડે હારજીતનો જુગાર રમતા રોકડ રકમ રૂપિયા ૧૧,૦૬૦ના મુદ્દામાલ સાથે કુલ તમામ પાંચેય ઈસમોને મરીન પીપાવાવ પોલીસે રેઈડ દરમ્યાન પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

### પગાર, બોનસ, નવી ભરતી સહિતની પડતર માંગને લઈને

## બગસરાનાં સફાઈકર્મીઓ આક્રમક મિજાજમાં આવી ગયા : શાસકોમાં દોડધામ

**સફાઈ કામદારોએ હડતાલ શરૂ કરતાં ઠેર–ઠેર ગંદકીનાં ગંજ ખડકાયા**



તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૧૯

બગસરા નગરપાલિકાના સફાઈ કામદારો દ્વારા પોતાની માંગણીઓ પૂર્ણ ન થતા આજે સફાઈનો બહિષ્કાર કરી આજે બીજા દિવસે રેલી યોજી આ આંદોલનને વધુ ઉગ્ર સ્વરૂપ આપ્યું હતું તેમજ આગામી દિવસોમાં હજૂ પણ વધુ ઉગ્ર આંદોલનની તૈયારી બતાવી હતી.

વિગત અનુસાર બગસરા નગરપાલિકા અને સફાઈ કર્મચારીઓ વચ્ચે છેલ્લા ઘણા સમયથી સંઘર્ષ ચાલી રહ્યો છે. હાલ વાલ્મિકી સમાજના સફાઈ કર્મચારીઓ દ્વારા તારીખ ૧૮ જૂનથી શહેરની સફાઈ બંધ દેવામાં આવી છે. ત્યારે શહેર માં ઠેર ઠેર ગંદકીના ગંજ જામી ગયા છે જેના લીધે લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. જયારે આ બાબતે સફાઈ કામદારો દ્વારા પોતાના પડતર પ્રશ્નો જેવા કે દર માસે પગાર કરવા, દિવાળી પર બોનસ આપવું, પાલિકામાં કાયમી સફાઈ કર્મચારીની ભરતી કરવી, ગણવેશ સહાય ચૂકવવી, એક દિવસ રજાના બદલે ત્રણ દિવસનો પગાર કાપવામાં આવે છે જે બંધ કરવું, પગાર વેતન વધારવું જેવા અનેક પ્રશ્નો સાથે આજે સફાઈ કર્મચારીઓ દ્વારા નગરપાલિકા વિરૂદ્ધ આજે બીજા દિવસે રેલી યોજી શકિત પ્રદર્શન બતાવ્યું હતું. હજુ નગરપાલિકા દ્વારા સફાઈ કર્મચારીઓના પ્રશ્નનો યોગ્ય નિકાલ કરવામાં નહીં આવે તો આગામી દિવસોમાં પણ સફાઈ તો બંધ જ રાખીને

અનુસંધાન પાના ૬ ઉપર













*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)